શનિવાર, 21 ફેબ્રુઆરી, 2026 ફાગણ સુદ ચોથ

"વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર"

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ❋ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ❋ RNI NO : GJGUJ/25/A1447 ❋ Vist : www.dailypulse.org.in

રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ❋ Follow : @dailypulsenews24 ❋ દૈનિક સોશિયલ આવૃત્તિ ❋ કિંમત : મફત

## ગુજરાત સરકાર લગ્ન નોંધણીમાં માતા-પિતાની સંમતિ ફરજિયાત બનાવવા નવા નિયમો લાવશે

ગાંધીનગર: ગુજરાતમાં સામાજિક સુરક્ષા અને દીકરીઓની રક્ષા માટે રાજ્ય સરકારે 'લગ્ન નોંધણી'ના કાયદાકીય માળખામાં ઐતિહાસિક સુધારો કરવાની દિશામાં ડગ માંડ્યા છે. ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં શુક્રવારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 'ગુજરાત રજીસ્ટ્રેશન ઓફ મેરેજ રૂલ્સ' હેઠળ લગ્ન નોંધણીની પ્રક્રિયામાં મોટા ફેરફારો કરવાની જાહેરાત કરી છે. નવા સૂચિત નિયમોની સૌથી મહત્વની વિશેષતા એ છે કે હવે લગ્નની નોંધણી વખતે માતા-પિતાની સામેલગીરી ફરજિયાત બનાવવામાં આવશે. જ્યારે પણ કોઈ લગ્નની નોંધણી થશે, ત્યારે તેના વાલીઓને આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવશે. આ પ્રક્રિયાને સુગમ બનાવવા માટે સરકાર એક ડેડિકેટેડ ઓનલાઇન પોર્ટલ પણ તૈયાર કરશે. હર્ષ સંઘવીએ ભાવુક અંદાજમાં જણાવ્યું કે, "દીકરી પિતાના આંગણામાં તુલસીના ક્યારા સમાન છે, તેનું સન્માન જાળવવું એ સરકારની પ્રાથમિકતા છે." સરકારે આ નિર્ણય લેવા પાછળનું મુખ્ય કારણ લગ્ન નોંધણીમાં રહેલી કેટલીક છટકબારીઓ અને તેનો અસામાજિક તત્વો દ્વારા થતો ગેરઉપયોગ ગણાવ્યો છે. ગૃહમાં માહિતી આપતા જણાવવામાં આવ્યું કે, પંચમહાલ જિલ્લાના એવા ગામોમાં જ્યાં એક પણ મુસ્લિમ પરિવાર નથી, ત્યાંથી સેંકડો બોગસ 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યૂ કરવામાં આવ્યા હોવાનું તપાસમાં ખુલ્યું હતું. ઓળખ છુપાવીને 'સલીમ સુરેશ બની' દીકરીઓને પ્રેમની જાળમાં ફસાવતા તત્વોને ચેતવણી આપતા સંઘવીએ કહ્યું કે, આવી છેતરપિંડી આચરનારાઓ સામે સરકાર આકરામાં આકરી કાર્યવાહી કરશે. આ નવા નિયમોને તાત્કાલિક લાગુ કરવાને બદલે સરકારે લોકશાહી ઢબે નાગરિકો પાસેથી ૩૦ દિવસ સુધી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. આ માટે એક વિશેષ કમિટીની રચના કરવામાં આવશે, જે બંધારણીય મર્યાદામાં રહીને યોગ્ય સૂચનોનો અમલ કરશે. પાટીદાર આગેવાન દિનેશ બાંભણિયાએ આ નિર્ણયને લાંબી લડતનો વિજય ગણાવતા સરકારનો આભાર માન્યો હતો. છેલ્લા ત્રણ મહિનામાં કાયદા મંત્રી કૌશિક વેકરિયાએ ૩૦થી વધુ સામાજિક સંસ્થાઓ સાથે બેઠકો યોજીને આ નિર્ણયનો પાયો નાખ્યો હતો. ભારતની પારંપરિક લગ્ન વ્યવસ્થા અને સનાતન સંસ્કૃતિના જતન માટે આ સુધારો સીમાચિહ્નરૂપ સાબિત થશે.




**ગુજરાત વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ લગ્ન નોંધણી પ્રક્રિયામાં સુધારાની જાહેરાત કરી છે. નવા નિયમો મુજબ, લગ્ન નોંધણી વખતે હવે માતા-પિતાને ફરજિયાત જાણ કરવામાં આવશે અને તે માટે ખાસ પોર્ટલ પણ બનાવાશે. રાજ્યમાં વધતા 'છળકપટ' અને ઓળખ છુપાવીને થતા લગ્નોને રોકવા આ મહત્વનો નિર્ણય લેવાયો છે. પંચમહાલમાં સામે આવેલા બોગસ નિકાહ સર્ટિફિકેટના કૌભાંડ બાદ સરકાર હરકતમાં આવી છે. આ સૂચિત નિયમો પર સરકાર આગામી ૩૦ દિવસ સુધી જનતા પાસેથી વાંધા-સૂચનો મંગાવશે.**

## મોના થિબાનું નિવેદન: વેશ્યાવૃત્તિ પરની ટિપ્પણીથી વિવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં પોતાની નવી ફિલ્મ 'શક્તિ'ના પ્રમોશન માટે આવેલી અભિનેત્રી મોના થિબા કનોડિયા એક વિવાદાસ્પદ નિવેદનને કારણે ચર્ચામાં છે. મોનાએ જણાવ્યું હતું કે વેશ્યાવૃત્તિ કરતી સ્ત્રીઓ પણ સમાજની એક પ્રકારની સેવા જ કરે છે. આ ટિપ્પણી બાદ સામાજિક ક્ષેત્રે ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. ખોડલધામના ટ્રસ્ટી જેની ઠુમરે આ નિવેદનને મહિલાઓનું અપમાન ગણાવ્યું છે. તેમણે કહ્યું કે જાહેર જીવન સાથે જોડાયેલા પરિવાની પુત્રવધૂ તરીકે મોના થિબાએ આવી ટિપ્પણી કરતા શરમાવવું જોઈએ અને તાત્કાલિક માફી માંગવી જોઈએ. મોના થિબાએ પોતાની ફિલ્મ વિશે જણાવ્યું કે 'શક્તિ' વેશ્યાવૃત્તિમાં ફસાયેલી સ્ત્રીઓની મજબૂરી અને સંઘર્ષની કથા છે. ફિલ્મ ૨૭ ફેબ્રુઆરીએ રિલીઝ થવાની છે. બીજી તરફ, વિવાદ વધતા ડિરેક્ટર ભાવિન ત્રિવેદીએ બચાવમાં કહ્યું કે ફિલ્મમાં વેશ્યાવૃત્તિમાંથી બહાર નીકળી આત્મનિર્ભર બનવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. વિરોધને ધ્યાને રાખીને ટ્રેલર અને ફિલ્મમાંથી ગુજરાતના ચોક્કસ ગામનું નામ પણ દૂર કરવામાં આવ્યું છે.




## સુરતમાં 800 કરોડના સાયબર ફ્રોડમાં MSC.IT પાસ યુવાન પકડાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત સાયબર ક્રાઇમ સેલે કતારગામ વિસ્તારમાં પર્દાફાશ થયેલા કરોડોના બેટિંગ અને ફંડ લોન્ડરિંગ રેકેટમાં મોટી સફળતા મેળવી છે. આ ગુનામાં સંડોવાયેલો અને લાંબા સમયથી પોલીસને થાપ આપી નાસતો ફરતો આરોપી કરણ ઉર્ફે દ્વારકેશ પીરાભાઇ દેસાઇ આખરે પાટણના વાગડોદ ગામેથી ઝડપાઇ ગયો છે. આ કેસની સૌથી ચોંકાવનારી બાબત આરોપીની શૈક્ષણિક પ્રોફાઇલ છે. 33 વર્ષીય કરણ MSC.IT જેવી ઉચ્ચ ડિગ્રી ધરાવે છે. ઉચ્ચ અભ્યાસ હોવા છતાં બેરોજગારીને કારણે તે શોર્ટકટથી નાણાં કમાવવાની લાલચમાં આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગનો સાથીદાર બની ગયો હતો. તેણે પોતાની ટેક્નિકલ જાણકારીનો ઉપયોગ કરી 'Leopay155' નામની ફ્રેન્ચાઇઝી દ્વારા ઓનલાઇન બેટિંગ સાઇટ્સનું ફંડ ટ્રાન્સફર કરવાનું નેટવર્ક ઊભું કર્યું હતું. સાયબર ક્રાઇમ સેલની તપાસમાં સામે આવ્યું છે કે, આ ટોળકી દ્વારા સંચાલિત 149 બેંક એકાઉન્ટમાં આશરે 800 કરોડ રૂપિયાના માતબર ટ્રાન્ઝેક્શન્સ કરવામાં આવ્યા છે. આ ખાતાઓ સામે દેશભરમાંથી 402 જેટલી ફરિયાદો NCRP પોર્ટલ પર નોંધાયેલી છે. આ રેકેટના તાર બેંગકોક અને વિયેતનામ સાથે જોડાયેલા છે, જ્યાં બેસીને મુખ્ય સૂત્રધાર જતીન ઠક્કર BIG IDEA અને PARIMATCH જેવી 50 થી વધુ સાઇટ્સ ચલાવતો હતો. કરણ આ નાણાં મ્યૂલ બેંક એકાઉન્ટ્સમાં ઠેકાણે પાડવાનું કામ કરતો હતો.

સુરત પોલીસ દ્વારા આ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ આઠ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં સુરત, અમદાવાદ અને મહારાષ્ટ્રના શખ્સો સામેલ છે. કરણ દેસાઈને સુરત લાવી કોર્ટમાં રજૂ કરવામાં આવતા તેના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે 800 કરોડનું ફંડ કયા માધ્યમથી વિદેશમાં મોકલવામાં આવ્યું અને આ કૌભાંડમાં અન્ય કયા મોટા માથાઓની સંડોવણી છે. આગામી દિવસોમાં સાયબર ક્રાઈમના આ આંતરરાષ્ટ્રીય નેટવર્ક અંગે વધુ મોટા ખુલાસા થવાની પૂરેપૂરી શક્યતા છે.




## વડોદરા: કોંગ્રેસનો લોલીપોપ આપી ભાજપ સામે અનોખો વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે ભાજપ સરકારની નીતિઓ સામે પ્રતીકાત્મક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોશી અને વિપક્ષી નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવના નેતૃત્વમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જનતાને લોલીપોપ આપીને ભાજપના 'મીઠા વચનો' ની રાજનીતિ પર કટાક્ષ કરવામાં આવ્યો હતો.

મુખ્યત્વે 7 કોર્પોરેટરોને ગેરબંધારણીય રીતે સસ્પેન્ડ કરીને બજેટ પસાર કરી દેવાના નિર્ણય સામે કોંગ્રેસે લડત છેડી છે. ઋત્વિજ જોશીએ જણાવ્યું કે શાસકો દરેક વખતે નવા સપના બતાવે છે પણ જમીની સ્તરે સમસ્યાઓ યથાવત છે. શહેરીજનો તૂટેલા રસ્તા, ગંદા પાણી અને ગટરની દુર્ગંધ વચ્ચે જીવવા મજબૂર છે. સ્માર્ટ સિટીના દાવાઓ માત્ર કાગળ પર રહી ગયા છે અને વડોદરા આજે ખાડા સિટી બની ગયું છે. વિપક્ષ નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે ઉમેર્યું કે જનતાને હવે વચનોના લોલીપોપ નહીં પરંતુ જવાબદાર શાસન જોઈએ છે. ભાજપ મોટા કાર્યક્રમો પાછળ કરોડોનો ખર્ચ કરે છે પણ જનતાના પાયાના પ્રશ્નો સાંભળવાનો તેમની પાસે સમય નથી. કોંગ્રેસે આ કાર્યક્રમ દ્વારા સ્પષ્ટ કર્યું કે તેઓ જનતાના હિત માટે આંદોલન ચાલુ રાખશે અને ભાજપના કથિત ભ્રષ્ટાચાર અંગે નાગરિકોને જાગૃત કરવા આગામી દિવસોમાં નવા કાર્યક્રમો જાહેર કરવામાં આવશે.

**વડોદરા કોંગ્રેસ દ્વારા ખંડેરાવ માર્કેટ ખાતે ભાજપ શાસિત કોર્પોરેશન સામે 'લોલીપોપ' વિતરણ કરી અનોખો વિરોધ કરાયો હતો. 7 કોર્પોરેટરના સસ્પેન્શન અને શહેરના પ્રાથમિક પ્રશ્નોના ઉકેલમાં નિષ્ફળતા મુદ્દે કોંગ્રેસે વચનોની રાજનીતિ બંધ કરવા માંગ કરી હતી.**




## ધોલેરામાં સ્થાપાશે દેશનું સૌથી મોટું 'ગ્રીન AI ડેટા સેન્ટર'

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકારે રાજ્યને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર બનાવવા L&T વ્યોમા સાથે વ્યૂહાત્મક કરાર કર્યા છે. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજન (SIR) ખાતે 25,000 કરોડના રોકાણ સાથે 250 MW ક્ષમતાનું 'ગ્રીન AI રેડી હાઇપરસ્કેલ ડેટા સેન્ટર' સ્થાપવામાં આવશે. આ પ્રોજેક્ટ વર્ષ 2028 સુધીમાં કાર્યરત થઈ જવાની અપેક્ષા છે. આ અત્યાધુનિક સેન્ટર AI પ્રોસેસિંગ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને એડવાન્સ્ડ એનાલિટિક્સ માટેનું કેન્દ્ર બનશે. મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે આ પહેલથી IT અને ક્લાઉડ ઓપરેશન્સ જેવા ક્ષેત્રોમાં હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઊભી થશે. આ પ્રોજેક્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'MANAV' વિઝનને સાકાર કરશે, જે નૈતિક અને સર્વસુલભ AI ટેકનોલોજી પર ભાર મૂકે છે. ગુજરાત સરકારે આ ક્ષેત્રના વિકાસ માટે તાજેતરના બજેટમાં 850 કરોડની વિશેષ ફાળવણી પણ કરી છે, જે રાજ્યની IT નીતિને વધુ મજબૂત બનાવશે.




**ગુજરાત સરકારે L&T વ્યોમા સાથે 25,000 કરોડના કરાર કર્યા છે. આ અંતર્ગત ધોલેરા SIR ખાતે 250 MW ક્ષમતાનું દેશનું પ્રથમ 'ગ્રીન AI રેડી ડેટા સેન્ટર' સ્થાપવામાં આવશે, જે 2028 સુધીમાં કાર્યરત થશે અને હજારો રોજગારીની તકો ઊભી કરશે.**

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# ગુજરાત વિધાનસભામાં જ્યોતિષનો મસાલો: રાહુ-કેતુ અને આંખની ચર્ચા

## ગુજરાત વિધાનસભામાં શૈલેષ પરમારની આંખ અને કુંડળીમાં રાહુની ચર્ચા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત વિધાનસભાના ચોથા દિવસની કાર્યવાહી રાજકીય રંગમંચ જેવી ભાસી હતી, જેમાં મનરેગાથી લઈ રાહુ-કેતુ સુધીની ચર્ચાઓએ આકર્ષણ જમાવ્યું હતું. પ્રશ્નકાળ દરમિયાન વિપક્ષી નેતાઓએ આક્રમક તેવર બતાવ્યા, તો શાસક પક્ષે કટાક્ષ અને રમૂજથી જવાબ આપ્યા હતા. સૌથી વધુ ચર્ચા શૈલેષ પરમારના અંદાજની રહી. ગંદા પાણીની સમસ્યા મુદ્દે બોટલ સાથે ગૃહમાં પહોંચેલા પરમારે ભાજપના સભ્યો સામે બે વખત આંખ મારી હતી. આ દ્રશ્ય રાહુલ ગાંધીની સંસદની ઘટનાની કોપી જેવું લાગતા ગૃહમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. અધ્યક્ષે જ્યારે બોટલના પ્રદર્શન સામે ચેતવણી આપી, ત્યારે પરમારે રમૂજમાં જવાબ આપી મામલો થાળે પાડ્યો હતો. ખેડૂતોના પ્રશ્ને જીતુ વાઘાણી અને વિરોધ પક્ષના સભ્યો વચ્ચે તીખી તકરાર થઈ હતી. ટ્રેક્ટર લઈને આવેલા ધારાસભ્ય હેમંત ખવાને વાઘાણીએ રોકડું પરખાવ્યું કે, "જે ટ્રેક્ટર લઈને તમે આવ્યા છો, તેની સહાય પણ અમારી સરકારે જ આપી છે." આ દરમિયાન હેમંત ખવાએ એવી જાહેરાત કરી કે જો લગ્ન નિયમોનું બિલ પાસ થશે તો તેઓ પોતે પાઘડી પહેરાવવા જશે, જેનાથી હળવું વાતાવરણ સર્જાયું હતું. ગૃહમાં 'જ્યોતિષીય ક્લાઈમેક્સ' ત્યારે આવ્યો જ્યારે ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે કોંગ્રેસની હાર માટે કુંડળીના દોષને જવાબદાર ઠેરવ્યા. તેમણે કહ્યું કે કોંગ્રેસની કુંડળીમાં 'બારમે રાહુ' છે અને કેતુ પણ નડે છે, તેથી તેઓ ૩૦ વર્ષથી સત્તાથી દૂર છે. તેમણે રાહુ શબ્દ દ્વારા રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો હોવાનું સ્પષ્ટ જણાતું હતું. આ ઉપરાંત, મનરેગા મુદ્દે ચૈતર વસાવા અને જીગ્નેશ મેવાણીએ આક્ષેપો કર્યા કે ભ્રષ્ટાચાર કરનારા અધિકારીઓ સામે શું પગલાં લેવાયા? સરકારે દાવો કર્યો કે અનેક અધિકારીઓને જેલ ભેગા કરાયા છે. આમ, વિધાનસભાનો ચોથો દિવસ ગંભીર પ્રશ્નો, વ્યક્તિગત કટાક્ષો અને હાસ્યના ફુવારા વચ્ચે સંપન્ન થયો હતો.




**ગુજરાત વિધાનસભાના ચોથા દિવસે શૈલેષ પરમારે રાહુલ ગાંધીની જેમ આંખ મારી માહોલ ગરમાવ્યો હતો. ભાજપ MLA ઉદય કાનગડે કોંગ્રેસની કુંડળીમાં 'બારમે રાહુ' હોવાનો કટાક્ષ કર્યો, જ્યારે જીતુ વાઘાણી અને હેમંત ખવા વચ્ચે ટ્રેક્ટર મુદ્દે થયેલી રમૂજથી ગૃહમાં હાસ્ય રેલાયું હતું.**

# સુરત: 13 કરોડના સાયબર ફ્રોડમાં બેચરાજી APMC ડાયરેક્ટર ઝડપાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાજ્ય સાયબર ફ્રોડ ગેંગના મુખ્ય સાગરીત હિરેન પટેલને ઝડપીને ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. પકડાયેલો આરોપી હિરેન પટેલ મહેસાણાના બેચરાજી તાલુકાનો રહેવાસી છે અને તે છેલ્લા 5 વર્ષથી બેચરાજી APMCમાં ડાયરેક્ટર તરીકે કાર્યરત છે. દિવસ દરમિયાન વેપારી અને સમાજસેવકની છબી ધરાવતો હિરેન રાત્રિના સમયે સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવાનું કામ કરતો હતો. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, હિરેને તેની પત્નીના નામે બહુચરાજીની બેંકમાં ખાતું ખોલાવ્યું હતું, જેમાં દેશભરના ભોગ બનનારા લોકોના નાણાં જમા થતા હતા. આ રકમ તે ચેક દ્વારા ઉપાડી લેતો હતો. તેની સામે દેશના 10 અલગ-અલગ રાજ્યોમાં કુલ 21થી વધુ પોલીસ ફરિયાદો નોંધાયેલી છે. કુલ મળીને આશરે 13 કરોડથી વધુનું ફ્રોડ તેના દ્વારા આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે.
સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, તેના HDFC બેંકના ખાતામાં માત્ર એક જ દિવસમાં 5 કરોડ રૂપિયાની લેણદેણ થઈ હતી, જે નાણાં તેણે ત્વરિત ગતિએ અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. સુરત ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે વરાછા વિસ્તારમાંથી તેને દબોચી લીધો છે. આ ધરપકડથી સાયબર ક્રાઈમના મોટા નેટવર્કનો પર્દાફાશ થયો છે અને આગામી દિવસોમાં હજુ પણ મોટા ખુલાસા થવાની શક્યતા છે.




# રાજકોટમાં BRTS બસે રેલિંગ તોડી બે કારને અડફેટે લીધી

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં 150 ફૂટ રિંગ રોડ પર આજે સવારે ત્રિપલ અકસ્માતની ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી. ઇન્દિરા સર્કલથી રૈયા ચોક તરફ જઈ રહેલી BRTS બસના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે બેકાબૂ બસે અંદાજે 30 ફૂટ જેટલી રેલિંગ તોડી નાખી હતી અને ટ્રેકની બહાર નીકળી રોંગ સાઈડમાં આવતી બે કાર સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં સ્વિફ્ટ કાર અને બોલેરોને ભારે નુકસાન થયું છે, જેમાં સ્વિફ્ટ કાર સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની બરાબર સામે જ આ ઘટના બની હોવાથી પોલીસ તુરંત દોડી આવી હતી. પોલીસે ટ્રાફિક ક્લિયર કરાવી બસ ચાલક ધર્મેશ શીંગરાખિયાની અટકાયત કરી હતી. ડ્રાઈવરની પ્રાથમિક પૂછપરછ અને વર્તન પરથી તે નશાની હાલતમાં હોવાની શંકા સેવાઈ રહી છે, જેના પગલે તેનું મેડિકલ ચેકઅપ કરાવવામાં આવ્યું છે. સદનસીબે આ ગંભીર દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બસ ચાલકની બેદરકારી સ્પષ્ટપણે જોવા મળી છે.

**રાજકોટના 150 ફૂટ રિંગ રોડ પર પૂરપાટ ઝડપે આવતી BRTS બસે રેલિંગ તોડી બે કારને અડફેટે લેતા ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે બસ ચાલકની અટકાયત કરી તેનું મેડિકલ ચેકઅપ કરાવ્યું છે.**

## વડોદરા: બિલ્ડર મનિષ પટેલ અને પત્ની સામે છેતરપિંડીની ફરિયાદ

વડોદરામાં બિલ્ડર દંપતી દ્વારા રોકાણકારો સાથે છેતરપિંડીના મામલા વધી રહ્યા છે. ન્યૂ વીઆઇપી રોડ પર 'ક્રિસ્ટલ પ્રમુખ કોમર્શિયલ હબ' નામની સ્કીમ શરૂ કરનાર બિલ્ડર મનિષ મહેન્દ્ર પટેલ અને તેની પત્ની રૂપલ પટેલ સામે બાપોદ પોલીસ સ્ટેશનમાં ₹67.70 લાખની ઠગાઈની નવી ફરિયાદો દાખલ થઈ છે. પ્રથમ કિસ્સામાં, લેબ ઇન્સ્ટ્રુમેન્ટના વેપારી કિશોરભાઈ સેને વર્ષ 2015માં 7 ઓફિસો બુક કરાવી ₹62.30 લાખ ચૂકવ્યા હતા. બીજા કિસ્સામાં, નિવૃત્ત વૃદ્ધે ₹18 લાખની દુકાન સામે ₹5.40 લાખ ચૂકવ્યા હતા. બંને કિસ્સામાં બિલ્ડરે વર્ષ 2019 સુધીમાં પજેશન આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ કામ પૂરું થયા પછી પણ દસ્તાવેજ કરી આપ્યા નહોતા કે નાણાં પરત કર્યા નહોતા. બાપોદ પોલીસે સેન્ટ્રલ જેલમાં સજા કાપી રહેલા મનિષ પટેલની ટ્રાન્સફર વોરંટથી ધરપકડ કરી છે, જ્યારે તેની પત્ની રૂપલની શોધખોળ ચાલુ છે. પોલીસના જણાવ્યા મુજબ હજુ પણ વધુ ફરિયાદો નોંધાવાની શક્યતા છે.

## બ્રિજ પરથી પટકાયેલા યુવકે અફવાઓ પર આપ્યું સ્પષ્ટીકરણ

વડોદરાના અક્ષર ચોક બ્રિજ પરથી ગઈકાલે રાત્રે એક યુવક નીચે પટકાયાની ઘટનાએ સોશિયલ મીડિયા પર અનેક તર્ક-વિતર્ક જગાવ્યા હતા. લોકો આ ઘટનાને આપઘાતનો પ્રયાસ માની રહ્યા હતા, પરંતુ સત્ય કંઈક અલગ જ નીકળ્યું છે. ઈજાગ્રસ્ત ઝોમેટો ડિલિવરી બોય વંશે જણાવ્યું કે, તે કલાલી ફાટક પાસેના તેના જૂના ઘરે જઈ રહ્યો હતો ત્યારે અચાનક તરસ લાગતા બ્રિજ પર ઊભો રહ્યો હતો. વંશના જણાવ્યા અનુસાર, તેને લાંબા સમયથી ખેંચની બીમારી છે. બ્રિજ પર ઊભા રહેતા જ તેને ચક્કર આવ્યા હતા, જેથી તેણે ઠીક થવા માટે મોજું સૂંઘવાનો પ્રયાસ કર્યો, પરંતુ તે દરમિયાન સંતુલન બગડતા તે ૧૫-૧૭ ફૂટ નીચે પટકાયો હતો. આસપાસના લોકોએ તુરંત મદદ કરી તેને એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ પહોંચાડ્યો હતો. તેને હાથ અને કમરના ભાગે ઈજાઓ થઈ છે. વંશે કહ્યું કે માતાજીની કૃપાથી તેનો જીવ બચી ગયો છે અને લોકો જે અફવાઓ ફેલાવી રહ્યા છે તે તદ્દન ખોટી છે.

## વડોદરા: તરસાલીમાં પર્સ ઝૂંટવનાર આરોપીને ક્રાઈમ બ્રાન્ચે ઝડપ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલ ઉઠાવતી પર્સ સ્નેચિંગની ઘટનાનો ક્રાઈમ બ્રાન્ચે ભેદ ઉકેલ્યો છે. તરસાલી વિસ્તારમાં આદેશ રેસીડન્સી પાસે યુવતીને પછાડીને લૂંટ ચલાવનાર આરોપી સંદીપ જાદવની ધરપકડ કરવામાં આવી છે.ઘટનાની વિગત મુજબ, ફરિયાદી ઉપેક્ષા પટેલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતા લંડન ગયા તે પહેલા તેમને 50 હજાર રૂપિયા બેંકમાં જમા કરવા આપ્યા હતા. જોકે બેંકમાં હડતાળ હોવાથી તે નાણાં જમા કરાવી શક્યા નહોતા. સાંજે જ્યારે તે પોતાના પુત્ર સાથે ઓલા સ્કૂટર પર દાદીના ઘરેથી પરત ફરી રહ્યા હતા, ત્યારે ઉમા વિદ્યાલય પાસે મોટરસાઈકલ પર આવેલા બે લૂંટારુઓએ તેમને ધક્કો માર્યો હતો. નીચે પડતાની સાથે જ આરોપીઓ તેમનું પર્સ ઝૂંટવીને નાસી ગયા હતા.
વડોદરા ક્રાઈમ બ્રાન્ચે બાતમીના આધારે મકરપુરા ડેપો પાછળ રહેતા સંદીપ જાદવને દબોચી લીધો હતો. આરોપી પાસેથી રોકડા રૂપિયા, મોબાઈલ અને મોપેડ સહિત કુલ 1.09 લાખનો મુદ્દામાલ મળ્યો છે. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી અગાઉ પણ પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે શું આ ગેંગે શહેરના અન્ય વિસ્તારોમાં પણ લૂંટ ચલાવી છે? જે પી રોડ અને લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનની હદમાં થયેલી તાજેતરની લૂંટના બનાવોમાં પણ આ જ આરોપીઓની સંડોવણી હોવાની પ્રબળ શક્યતા છે.

સમાચાર તથા જાહેરાત આપવા સંપર્ક કરો : ૯૯૦૯૯૧૧૧૭૫

# નવજીવન હાઈસ્કૂલ બોડેલીનું સંસ્કૃત પ્રોત્સાહન બદલ રાજ્ય સન્માન

**દૈનિક પલ્સ સમાચાર:** શૈક્ષણિક ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતી બોડેલીની નવજીવન હાઈસ્કૂલે રાજ્ય સ્તરે ઝળકવાની સિદ્ધિ મેળવી છે. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે આયોજિત “સંસ્કૃત પ્રોત્સાહન સમારોહ”માં નવજીવન હાઈસ્કૂલને સંસ્કૃત ભાષાના શિક્ષણમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ સન્માનિત કરવામાં આવી હતી. શાળાના ધોરણ 10ના વિદ્યાર્થીઓને આ પ્રાચીન ભાષા પ્રત્યે અભિમુખ કરવા માટે શાળાના શિક્ષકો તેજલબેન પંચાલ અને કૃષ્ણાબેન ચતુર્વેદીએ વિશેષ જહેમત ઉઠાવી હતી, જેનું ફળ આજે રાજ્ય સ્તરે સન્માન સ્વરૂપે મળ્યું છે. સન્માન સમારોહમાં ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના અધ્યક્ષ હિમાંજય પાલીવાલ, ઉપાધ્યક્ષ ડૉ. પંકજકુમાર ત્રિવેદી અને પાઠ્યપુસ્તક મંડળના અધ્યક્ષ મનુભાઈ પાવરા જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોના હસ્તે નવજીવન હાઈસ્કૂલને સ્મૃતિચિહ્ન અને ₹50,000નું રોકડ ઇનામ એનાયત કરવામાં આવ્યું હતું. શાળા વતી આ ગૌરવશાળી એવોર્ડ સુપરવાઈઝર એસ.જે. અંસાર અને ધર્મેન્દ્ર સરે સ્વીકાર્યો હતો. શાળા પરિવાર આ ક્ષણે ગૌરવની લાગણી અનુભવી રહ્યો છે. સંચાલકોએ જણાવ્યું કે દેવવાણી સંસ્કૃત ભાષાના જતન અને સંવર્ધન માટે અમારી શાળા હંમેશા કાર્યરત છે. આ એવોર્ડ માત્ર શાળાનું જ નહીં, પણ સમગ્ર બોડેલી પંથકનું ગૌરવ વધારે છે. આ સિદ્ધિથી વિદ્યાર્થીઓમાં પણ સંસ્કૃત ભાષા પ્રત્યે નવો ઉત્સાહ અને આદર જોવા મળી રહ્યો છે.



રિપોર્ટર: સંજયસિંહ રણા છોટાઉદેપુર

## કારેલીબાગમાં વેપારીની ફોર્ચ્યુનર કારની ચોરી, તપાસ શરૂ





**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં વાઘેશ્વરી સોસાયટીના ગેટ પાસે પાર્ક કરેલી વેપારી સૌમિલભાઈ શાહની ફોર્ચ્યુનર કારની ચોરી થતા ચકચાર મચી છે. ૧૯ ફેબ્રુઆરીની રાત્રે કાર ઘર પાસે મુકવામાં આવી હતી, પરંતુ સવારે ડ્રાઈવર આવતા ગાડી ગાયબ હોવાનું માલૂમ પડ્યું હતું. અંદાજે ૨૦ લાખની કિંમતની આ કાર ડુપ્લીકેટ ચાવીની મદદથી ચોરાઈ હોવાનું જણાય છે. સીસીટીવી અને નાઈટ પેટ્રોલિંગ વચ્ચે પણ કાર ચોરીની આ ઘટનાથી સ્થાનિકોમાં ચિંતા વ્યાપી છે.

## એર ઈન્ડિયા વિમાન દુર્ઘટના: પીડિતે સેટલમેન્ટ સામે વાંધો ઉઠાવ્યો




**દૈનિક પલ્સ સમાચાર:** વિમાન દુર્ઘટનાના પીડિત અજય પરમારે એરલાઈન્સ સામે મોરચો માંડ્યો છે. ગંભીર રીતે દાઝેલા અજયનો આરોપ છે કે હોસ્પિટલમાં તેમની નબળી સ્થિતિનો ફાયદો ઉઠાવી એરલાઈન્સે વકીલની ગેરહાજરીમાં 'ફાઈનલ સેટલમેન્ટ'ના કાગળો પર સહી કરાવી લીધી હતી. બદલામાં માત્ર ૫ લાખ આપી ભવિષ્યની મેડિકલ જવાબદારીમાંથી મુક્તિ મેળવી લીધી છે. શારીરિક અને આર્થિક રીતે પાયમાલ થયેલા અજયે હવે આ વળતર પરત કરી ન્યાય માટે લડવા નિર્ણય કર્યો છે.

## અમદાવાદ: 86% દાઝેલા બાળકને સ્ટર્લિંગ હોસ્પિટલે ઉગાર્યો



**દૈનિક પલ્સ સમાચાર:** રાજસ્થાનના એક પરિવાર સાથે ગેસ ગિઝર લીકેજની દુર્ઘટનામાં 10 વર્ષીય બાળક 86% સુધી દાઝી ગયો હતો. અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલ્સમાં તેને દાખલ કરાયા બાદ ડૉ. વિજય ભાટિયાએ બીજા જ દિવસે બાયોલોજિકલ સ્કિન કવર્સ લગાવી જટિલ સર્જરી કરી હતી. આઈસીયુ અને પ્લાસ્ટિક સર્જરી ટીમના સંકલનથી સામાન્ય રીતે માત્ર 15-20% જીવિત રહેવાના દર ધરાવતા આ કેસમાં બાળક સંપૂર્ણ સ્વસ્થ થઈ ઘરે પરત ફર્યું છે.

# વડોદરાના આરોગ્ય કેન્દ્રો પર વિવિધ તબીબી સંવર્ગના નિમણૂક પત્રો અપાયા

## વડોદરા મહાનગરપાલિકા: આરોગ્ય કેન્દ્રો માટે નવા સ્ટાફની નિમણૂક

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના આરોગ્ય તંત્રને વધુ ગતિશીલ અને કાર્યક્ષમ બનાવવા માટે વડોદરા મહાનગરપાલિકા દ્વારા વિવિધ તબીબી સંવર્ગની ખાલી જગ્યાઓ ભરવાની મહત્વપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. લાંબા સમયથી પડતર રહેલી સ્ટાફની જરૂરિયાતને પહોંચી વળવા માટે વહીવટી તંત્રએ લાયક ઉમેદવારોને વિધિવત રીતે નિમણૂક પત્રો એનાયત કર્યા છે.
આ નિમણૂકો ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા 'ગુજરાત અર્બન હેલ્થ પ્રોગ્રામ' અને 'ગુજરાત અર્બન પ્રોજેક્ટ' અંતર્ગત ફાળવવામાં આવેલ 100% ગ્રાન્ટના આધારે કરવામાં આવી છે, જેનાથી કોર્પોરેશન પર વધારાનું નાણાકીય ભારણ આવશે નહીં. વહીવટી તંત્રએ ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા જાળવવાના હેતુથી અગાઉની સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રતિક્ષાયાદી (Waiting List) માંથી મેરિટના આધારે પસંદગી કરી છે. પસંદ કરાયેલા ઉમેદવારોની વિગત જોઈએ તો, ગાયનેકોલોજિસ્ટ સંવર્ગમાં ૧ ઉમેદવાર, લેબ ટેકનિશિયન સંવર્ગમાં કુલ ૬ ઉમેદવારો, સ્ટાફ નર્સ સંવર્ગમાં ૨ ઉમેદવારો તેમજ ફિમેલ હેલ્થ વર્કર સંવર્ગમાં ૫ ઉમેદવારોને અગ્રતાક્રમ અનુસાર નિમણૂકો આપવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાના આ નિર્ણયથી શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા આરોગ્ય કેન્દ્રોમાં તબીબી સુવિધાઓ સુધરશે અને નિષ્ણાત સ્ટાફની હાજરીથી સારવારમાં ગુણવત્તા આવશે. ખાસ કરીને ગર્ભવતી મહિલાઓ માટે ગાયનેકોલોજિસ્ટ અને પાયાની તપાસ માટે લેબ ટેકનિશિયનની વધારાની નિમણૂકોથી સામાન્ય નાગરિકોને મોટી રાહત મળશે. વહીવટી તંત્રના આ પ્રશંસનીય કદમથી વડોદરાના નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ આપવાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની છે.



**વડોદરા શહેરના નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ આપવા વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. વિવિધ આરોગ્ય કેન્દ્રો પર ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે ગાયનેકોલોજિસ્ટ, લેબ ટેકનિશિયન અને નર્સિંગ સ્ટાફને નિમણૂક પત્રો પાઠવવામાં આવ્યા છે. આ નિમણૂકો ગુજરાત સરકારના અર્બન હેલ્થ પ્રોગ્રામ હેઠળ મળેલ 100% ગ્રાન્ટના આધારે કરવામાં આવી છે. અગાઉની પરીક્ષાઓની પ્રતિક્ષાયાદીમાંથી પારદર્શક રીતે મેરિટ મુજબ ઉમેદવારોની પસંદગી થતા હવે તબીબી સેવાઓમાં સ્ટાફની અછત વર્તાશે નહીં અને કામગીરી વધુ ઝડપી બનશે.**

# સલાલની ફ્રેન્ડઝ હાઈસ્કૂલમાં ધોરણ 10 અને 12નો શુભેચ્છા સમારંભ

**દૈનિક પલ્સ સમાચાર:** સલાલની ધી ફ્રેન્ડઝ હાઈસ્કૂલ ખાતે તા. 20 ફેબ્રુઆરીના રોજ ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે શુભેચ્છા સમારંભનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શૈક્ષણિક વર્ષ દરમિયાન પ્રગતિ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આચાર્ય જયેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રસંગે મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરાયું હતું. વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે ડૉ. મેમણ સાહેબે ધોરણ 10 અને 12ના પ્રથમ ત્રણ વિજેતાઓને રોકડ પુરસ્કાર આપી શુભકામનાઓ પાઠવી હતી. તેમજ બાલવાટિકાથી ધોરણ 12 સુધી પ્રથમ ત્રણ ક્રમે આવનાર તેજસ્વી તારલાઓને ટ્રોફી આપવામાં આવી હતી, જેના દાતા વિરલભાઈ પટેલ હતા. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પણ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ માટે વિનુભાઈ પટેલ તરફથી ઉદાર આર્થિક દાન પ્રાપ્ત થયું હતું. ગામના આગેવાનો, ભૂતપૂર્વ આચાર્ય હસમુખભાઈ પંચાલ અને ભૂતપૂર્વ શિક્ષકોની હાજરીએ કાર્યક્રમની શોભા વધારી હતી. આચાર્યશ્રીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું કે શાળામાંથી વિદાય લેતા વિદ્યાર્થીઓ માટે અહીં મેળવેલું જ્ઞાન અને સંસ્કાર જીવનના દરેક તબક્કે દીવાદાંડી સમાન બની રહેશે. કાર્યક્રમના અંતે તમામ માટે અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ભીની આંખે પણ આત્મવિશ્વાસ સાથે શાળા પરિવાર પાસેથી રજા લીધી હતી.


રિપોર્ટ : સોમજી ચૌહાણ

# સાણંદ કોર્ટે દેવાયત ખવડ સામેનો છેતરપિંડીનો કેસ નિકાલ કર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** લોકસાહિત્યકાર દેવાયત ખવડ સામે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપિંડી અને જાનથી મારી નાખવાની ધમકીના કેસમાં મહત્વનો વળાંક આવ્યો છે. ફરિયાદી ભગવતસિંહ ચૌહાણે આક્ષેપ કર્યો હતો કે પિતાની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત ડાયરા માટે દેવાયત ખવડને 8 લાખ રૂપિયા ચૂકવ્યા હોવા છતાં તેઓ કાર્યક્રમમાં આવ્યા નહોતા, જેના કારણે સમાજમાં તેમની બદનામી થઈ હતી. આ બાબતે ઉગ્ર બોલાચાલી બાદ મામલો પોલીસ સ્ટેશને અને બાદમાં કોર્ટમાં પહોંચ્યો હતો. સાણંદ કોર્ટમાં આ કેસની સુનાવણી દરમિયાન બંને પક્ષોએ પરસ્પર સંમતિથી સમાધાન કરી લીધું છે. ફરિયાદીએ કોર્ટ સમક્ષ હાજર રહીને જણાવ્યું હતું કે હવે તેમને આ કેસમાં આગળ કોઈ કાર્યવાહી કરવી નથી. આ નિવેદન બાદ કોર્ટે દેવાયત ખવડને નિર્દોષ છોડી કેસનો નિકાલ કર્યો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ગ્રામ્ય કોર્ટે શરતભંગ બદલ તેમના જામીન રદ કર્યા હતા, જેની સામે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. આ મામલે આગામી 23 ફેબ્રુઆરીએ હાઈકોર્ટમાં સુનાવણી થશે.

**લોકસાહિત્યકાર દેવાયત ખવડ સામે ચાંગોદર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડી અને ધમકીની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી ભગવતસિંહ ચૌહાણનો આક્ષેપ છે કે ₹8 લાખ લીધા હોવા છતાં દેવાયતભાઈ ડાયરામાં આવ્યા નહોતા. આ મામલે હવે કોર્ટમાં કાનૂની કાર્યવાહી શરૂ થઈ છે.**




# માળીયા મિયાણા: બગસરામાં જોખમી વીજ લાઈન મુદ્દે આંદોલનની ચીમકી

**દૈનિક પલ્સ સમાચાર:** માળીયા મિયાણાના બગસરા ગામમાં વીજ કંપનીની બેદરકારી સામે સરપંચે બાયો ચડાવી છે. ગામમાં આવેલી પ્રાથમિક શાળા પાસે જ જોખમી રીતે વીજપોલ ઉભેલા છે અને વીજ તારો ખુલ્લા હોવાથી શાળાએ આવતા બાળકોના જીવ પર જોખમ તોળાઈ રહ્યું છે. આ ઉપરાંત, શાળા પાસેનું TC પણ અત્યંત જર્જરિત હાલતમાં છે, જેના કારણે ગામમાં અવારનવાર વીજળી ગુલ થઈ જાય છે.
બગસરાના સરપંચ ગૌવરીબેન પીપળીયાએ આજે પીપળીયા PGVCL વિભાગની ઓફિસે પહોંચીને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગ્રામ પંચાયત દ્વારા અગાઉ અનેકવાર રજૂઆતો કરવા છતાં તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જ્યારે પણ વીજ સમસ્યા અંગે ફોન કરવામાં આવે ત્યારે અધિકારીઓ દ્વારા માત્ર ઉડાઉ જવાબો આપવામાં આવે છે. સરપંચે સવાલ ઉઠાવ્યો છે કે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના ઘટવાની રાહ જોઈ રહ્યું છે?
ગામના અનેક વણઉકેલ્યા પ્રશ્નો અને તંત્રના નકારાત્મક વલણથી વ્યથિત થઈને સરપંચે કડક શબ્દોમાં ચીમકી આપી છે. જો આ જોખમી વીજપોલ અને TCની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો તેઓ આગામી દિવસોમાં સરપંચ પદેથી રાજીનામું આપી દેશે. આ સાથે જ ગામના લોકો સાથે મળીને PGVCL ઓફિસ પર ધરણા પ્રદર્શન કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે.


રિપોર્ટ બોચિયા નરોત્તમભાઇ

# વડોદરા એસઓજીના જવાનનું સન્માન: મેફેડ્રોન ડ્રગ્સ રેકેટ ઝડપ્યું

**દૈનિક પલ્સ સમાચાર**: શહેરને નશામુક્ત બનાવવાના સંકલ્પ સાથે વડોદરા પોલીસ સતત કાર્યરત છે. આ દિશામાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ના જવાન જતિનકુમાર રવિન્દ્રભાઈ પાટીલે ઉમદા કામગીરી બજાવી છે. તેમની સતર્કતાને કારણે મધ્યપ્રદેશથી વડોદરા સુધી ફેલાયેલા ડ્રગ્સના નેટવર્કને તોડી પાડવામાં સફળતા મળી છે. આ વિશેષ સિદ્ધિ બદલ પોલીસ કમિશનર નરસિંહા કોમાર દ્વારા તેમને પ્રશસ્તિપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. જતિનકુમારને ખાનગી બાતમીદાર દ્વારા માહિતી મળી હતી કે મધ્યપ્રદેશના મંદસૌરથી વડોદરામાં મેફેડ્રોન ડ્રગ્સની હેરાફેરી થઈ રહી છે. બાતમીના આધારે મકરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટીમ સાથે મળીને આયોજનબદ્ધ રીતે રેઇડ કરવામાં આવી હતી. આ દરમિયાન વડોદરાના એક એપાર્ટમેન્ટમાંથી બે આરોપીઓ ઝડપાયા હતા. તેમની પાસેથી અંદાજે 52 ગ્રામ જેટલું મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું હતું, જેની બજાર કિંમત ₹5,19,700 જેટલી થાય છે. આ ઉપરાંત અન્ય મુદ્દામાલ સાથે કુલ ₹5.39 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ જથ્થો કોમર્શિયલ ક્વોન્ટિટીમાં આવતો હોવાથી આરોપીઓ વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી હાથ ધરાઈ છે. સન્માન મેળવ્યા બાદ જતિનકુમારે જણાવ્યું હતું કે, આરોપીઓ ખાસ કરીને યુવાનોને ડ્રગ્સની માયાજાળમાં ફસાવી તેમનું જીવન બરબાદ કરી રહ્યા હતા. તેમણે યુવા પેઢીને સંદેશ આપતા કહ્યું કે ડ્રગ્સ અને ગાંજા જેવા વ્યસનોથી દૂર રહેવું જોઈએ, કારણ કે તેની લત જીવન અને પરિવાર બંનેને નષ્ટ કરી દે છે. નશાના વેપારમાં સંડોવાયેલા લોકો સામે કાયદામાં 10 વર્ષની સખત સજાની જોગવાઈ છે. જતિનકુમારે નાગરિકોને પણ વિનંતી કરી છે કે જો તેમના વિસ્તાર કે કોલેજમાં કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતી હોય તો તરત જ પોલીસને બાતમી આપે. વડોદરા એસ.ઓ.જી.ના આ જવાનની કામગીરી આજે સમગ્ર પોલીસ દળ માટે ગૌરવ સમાન બની છે અને નશામુક્ત શહેરના અભિયાનને વેગ આપ્યો છે.



આલેખન-વૈશાલી પરમાર

**વડોદરા શહેરને નશામુક્ત કરવાના અભિયાનમાં સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ના જવાન જતિનકુમાર પાટીલે પ્રશંસનીય કામગીરી કરી છે. તેમની સતર્કતાને કારણે મધ્યપ્રદેશના મંદસૌરથી વડોદરા સુધી ફેલાયેલા ડ્રગ્સના નેટવર્કને તોડી પાડવામાં સફળતા મળી છે. બાતમીના આધારે મકરપુરા વિસ્તારમાં કરવામાં આવેલી રેઇડમાં 52 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે બે આરોપીઓ ઝડપાયા હતા. આ મહત્વની સિદ્ધિ બદલ પોલીસ કમિશનર નરસિંહા કોમાર દ્વારા જતિનકુમારને પ્રશસ્તિપત્ર એનાયત કરી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.**

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું રૂ. 18,518 કરોડનું ઐતિહાસિક બજેટ પસાર

## અમદાવાદ મ્યુનિ.નું રૂ. 18,518 કરોડનું ઐતિહાસિક બજેટ મંજૂર



**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ 2026-27નું રૂ. 18,518 કરોડનું ઐતિહાસિક બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. મેયર પ્રતિભા જૈને આ બજેટને શહેરના સર્વાંગી વિકાસનો સંકલ્પ ગણાવ્યો હતો. જોકે, બજેટ સભા દરમિયાન મક્તમપુરાના AIMIM કોર્પોરેટર દ્વારા જમાલપુરમાં નવા સ્લોટર હાઉસની માંગણી કરવામાં આવતા વાતાવરણ ગરમાયું હતું. ભાજપના સભ્યોએ "સ્લોટર હાઉસ નહીં બને" ના નારા સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના પગલે મેયરે ડાયસ પરથી સ્પષ્ટતા કરી હતી કે નવા સ્લોટર હાઉસનું કામ મંજૂર કરવામાં આવશે નહીં. બજેટમાં નાગરિક સુવિધાઓ અને ટેક્સ રાહત પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. પ્રોપર્ટી ટેક્સમાં એડવાન્સ પેમેન્ટ કરનારાઓને 12% થી 15% સુધીનું રિબેટ મળશે, જે મધ્યમ વર્ગ માટે મોટી રાહત છે. પ્રદૂષણ મુક્ત શહેરના લક્ષ્ય સાથે ઇલેક્ટ્રિક વાહનો પર 100% ટેક્સ માફી અને AMTS ના ઇલેક્ટ્રિક બસ કાફલા માટે રૂ. 1,011 કરોડ ફાળવવામાં આવ્યા છે. શિક્ષણ ક્ષેત્રે સ્માર્ટ શાળાઓના વિકાસ માટે રૂ. 1,205 કરોડનું માતબર બજેટ ફાળવાયું છે. આરોગ્ય ક્ષેત્રે પૂર્વ અમદાવાદના વિરાટનગર ખાતે નવી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ તેમજ વિવિધ ઝોનમાં નવા હેલ્થ સેન્ટર્સ બનાવવાની જાહેરાત કરાઈ છે. આ ઉપરાંત, સાબરમતી નદી પર ફ્લોટિંગ સોલાર પેનલ્સ સ્થાપી ગ્રીન એનર્જીના ઉત્પાદન માટે રૂ. 50 કરોડ ખર્ચવામાં આવશે. હાઉસિંગ સેક્ટરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 50 હજાર નવા આવાસના આયોજન સાથે અમદાવાદને સ્લમ ફ્રી સિટી બનાવવાની નેમ વ્યક્ત કરાઈ છે. ખારીકટ કેનાલ પ્રોજેક્ટ અને નવા 19 બ્રિજ દ્વારા શહેરની ટ્રાફિક સમસ્યા હળવી કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે, આ બજેટ પારદર્શી વહીવટ અને ઝડપી અમલીકરણ દ્વારા અમદાવાદને વૈશ્વિક સ્તરે 'ક્લીનેસ્ટ અને ગ્રીનેસ્ટ' સિટી બનાવવામાં મદદરૂપ થશે. મેયરે આ બજેટને 'સૌનો સાથ, સૌનો વિકાસ' ના મંત્રને સાર્થક કરતું ગણાવી મીડિયા અને જનપ્રતિનિધિઓનો આભાર માન્યો હતો.

**અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ 2026-27ના રૂ. 18,518 કરોડના બજેટને મેયર પ્રતિભા જૈને બહુમતીથી મંજૂરી આપી છે. બજેટ સભા દરમિયાન AIMIM દ્વારા નવા સ્લોટર હાઉસની માંગણી કરાતા ભાજપ અને વિપક્ષ આમને-સામને આવી ગયા હતા, જોકે મેયરે સ્લોટર હાઉસ નહીં બનાવવાની જાહેરાત કરી મામલો થાળે પાડ્યો હતો. બજેટમાં શિક્ષણ માટે રૂ. 1,205 કરોડ અને પરિવહન માટે રૂ. 1,011 કરોડ ફાળવાયા છે. નાગરિકોને રાહત આપવા એડવાન્સ ટેક્સ ભરનારને 15% સુધી રિબેટ અને ઇલેક્ટ્રિક વાહનોને વાહનવેરામાં 100% છૂટની જાહેરાત કરવામાં આવી છે.**

# શાંતાબા સિવિલ હોસ્પિટલ: ઓપરેશન બાદ મહિલાનું મોત, પરિવારનો આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** શાંતાબા સિવિલ હોસ્પિટલમાં એક મહિલાના મોતના સમાચારને પગલે તબીબી લાપરવાહીના પ્રશ્નો ઉઠ્યા છે. બરવાળા ગામના રહેવાસી ભનીબહેન હરેશભાઈ પિત્તાશયના ઓપરેશન જેવી સામાન્ય ગણાતી સર્જરી માટે હોસ્પિટલમાં આવ્યા હતા. ઓપરેશન બાદ તેમની તબિયતમાં અણધાર્યો બગાડ થયો હતો અને તમામ તબીબી પ્રયાસો નિષ્ફળ રહેતા તેમનું મોત નીપજ્યું હતું. આ સમાચાર મળતા જ પરિવારજનો હોસ્પિટલ ખાતે એકઠા થયા હતા અને શોકમાં ગરકાવ થઈ ગયા હતા. જોકે, શોકની સાથે પરિવારમાં ડોક્ટરો પ્રત્યે ભારે આક્રોશ પણ જોવા મળ્યો હતો. પરિવારે સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે ઓપરેશનમાં કે સારવારમાં કોઈ મોટી બેદરકારી રાખવામાં આવી છે, જેના કારણે એક હસતા-રમતા પરિવારની મહિલાએ જીવ ગુમાવવો પડ્યો છે. હોસ્પિટલ વહીવટી તંત્ર દ્વારા આ મામલે સ્પષ્ટતા કરતા જણાવાયું છે કે, દર્દીની સ્થિતિ ગંભીર થતા જ સ્પેશિયલિસ્ટ ટીમ કામે લાગી હતી, પરંતુ કમનસીબે સફળતા મળી નથી. હાલ આ મામલે વિગતવાર રિપોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. પોલીસ અને કાયદાકીય નિષ્ણાતોની મદદથી તપાસ બાદ જ સત્ય બહાર આવશે. હાલમાં પરિવારના આક્ષેપોને પગલે હોસ્પિટલની સુરક્ષા અને કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

## મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષાના ફોર્મ ભરવા સૂચના

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ પરીક્ષા માટે વિદ્યાર્થીઓના રજિસ્ટ્રેશનની ધીમી ગતિને પગલે તંત્ર સફાળું જાગ્યું છે. હાલમાં જે પત્રક સામે આવ્યું છે તે મુજબ માત્ર 50 ટકા વિદ્યાર્થીઓએ જ અરજી કરી છે. આ સ્થિતિને ધ્યાને રાખીને રાજ્યના તમામ DEO અને DPEO ને સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાની કક્ષાએથી શાળાઓને કડક આદેશ આપે. શાળાના મુખ્ય શિક્ષકોએ વ્યક્તિગત રસ લઈને બાકી રહેલા તમામ વિદ્યાર્થીઓના ફોર્મ સમયસર ભરાય તેની તકેદારી રાખવાની રહેશે. સ્કોલરશીપ યોજનાનો લાભ જરૂરિયાતમંદ અને તેજસ્વી બાળકો સુધી પહોંચાડવા માટે આ પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવી અનિવાર્ય છે. વાલીઓ અને શિક્ષકોએ પણ આ બાબતે જાગૃત બની તાકીદે રજિસ્ટ્રેશન કરાવવા અપીલ કરવામાં આવી




'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'

# તિલકવાડા: શ્રી એમ.બી. વિદ્યાલયમાં ભવ્ય સાયન્સ ફેર યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાની શ્રી એમ.બી. વિદ્યાલયમાં વિજ્ઞાન અને સર્જનાત્મકતાના સંગમ સમાન ભવ્ય સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નર્સરીથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દર્શાવતા ૨૫થી વધુ નાવિન્યપૂર્ણ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ મેળાએ સાબિત કર્યું કે જો બાળકોને યોગ્ય મંચ મળે તો તેઓ અદભુત પરિણામો આપી શકે છે.
સાયન્સ ફેરમાં રજૂ કરાયેલા વિષયોમાં વિવિધતા જોવા મળી હતી. એક તરફ "સાયબર ક્રાઇમ એવરનેસ" પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓએ ડિજિટલ યુગમાં સુરક્ષિત રહેવાની ટિપ્સ આપી હતી, તો બીજી તરફ "આયુર્વેદિક ખજાનો" દ્વારા ભારતીય પરંપરાગત ઔષધિઓનું મહત્વ સમજાવ્યું હતું. "વોકલ ફોર લોકલ" પ્રોજેક્ટ દ્વારા વડાપ્રધાનના અભિયાનને સમર્થન આપતા સ્થાનિક ચીજવસ્તુઓના ઉપયોગનો આગ્રહ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, "મેજરમેન્ટ પાર્ક", "ઇન્ડિયન કરન્સી" અને "જનરલ નોલેજ" જેવા પ્રોજેક્ટ્સે મુલાકાતીઓને નવી માહિતી પૂરી પાડી હતી.
આ પ્રદર્શનનો મુખ્ય હેતુ બાળકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવો અને તેમને પ્રાયોગિક જ્ઞાનમાં રસ લેતા કરવાનો હતો. વિદ્યાર્થીઓએ અત્યંત સરળતાથી જટિલ વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રયોગો અને ચાર્ટ દ્વારા સમજાવ્યા હતા. શાળાના સંચાલકમંડળ અને આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે, વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં બાળકો જવાબદાર નાગરિક બને અને ટેકનોલોજીનો સકારાત્મક ઉપયોગ કરે તે જરૂરી છે. શાળાના શિક્ષકોની મહેનત અને વાલીઓના સહયોગથી આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમ દ્વારા માત્ર વિજ્ઞાન જ નહીં, પણ પ્રસ્તુતિ કૌશલ્ય અને ટીમ વર્કના પાઠ પણ શીખ્યા હતા. આ સાયન્સ ફેરથી બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે એક હકારાત્મક અભિગમ કેળવાયો છે, જે ભવિષ્યમાં તેમને નવી શોધ અને ઇનોવેશન માટે પ્રેરણા આપશે.




# ભાભરના કુવાળામાં ઘોડી પાસાનો જુગાર રમતા સાત ઈસમો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠાના ભાભર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદાના રક્ષકોએ જુગારના અડ્ડા પર મોટો પ્રહાર કર્યો છે. કુવાળા ગામની સીમમાં બેરોકટોક ચાલતા ઘોડી પાસાના જુગાર પર પેરોલ ફર્લો સ્કોડે સફળ રેડ પાડી 7 ઇસમોને દબોચ્યા છે. પોલીસે સ્થળ પરથી ₹51,070 રોકડા અને મોબાઈલ મળી કુલ ₹56,570નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓ દિયોદરના શુભમ સોસાયટીથી લઈને જૂની ભીલડી અને અબાસણા જેવા વિસ્તારોના છે, જે દર્શાવે છે કે આ જુગારધામ આસપાસના અનેક તાલુકાઓના લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ કાર્યવાહીમાં જુગાર રમાડતા વધુ બે ઇસમોના નામ પણ સામે આવ્યા છે, જેના પગલે કુલ 9 લોકો વિરુદ્ધ ભાભર પોલીસ મથકે ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે. પંથકમાં જે રીતે જુગારની બદી ફૂલીફાલી રહી છે તે ચિંતાનો વિષય છે. પેરોલ ફર્લો સ્કોડના પી.આઈ. આર.એસ. દેસાઈ અને પી.એસ.આઈ. એસ.બી. રાજગોરની ટીમ દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીને પગલે સ્થાનિક જુગારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. જોકે, સવાલ એ ઉઠે છે કે પોલીસની જાણ બહાર આટલા સમય સુધી આ અડ્ડો કેવી રીતે ચાલતો હતો? હાલ તો પોલીસે તમામ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી કડક સંદેશ પાઠવ્યો છે.



રિપોર્ટ :ભાનુભાઈ પરમાર

# અમદાવાદ AMCની મોટી કાર્યવાહી: 65 ગેરકાયદે પીજી સીલ, સંચાલકોના ધરણા

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદમાં સોસાયટીઓ અને ફ્લેટ્સમાં કોમર્શિયલ ધોરણે ચાલતા પીજી એકમો સામે AMC એ આક્રમક વલણ અપનાવ્યું છે. શહેરના વસ્ત્રાપુર, બોડકદેવ અને ઘાટલોડિયા જેવા વિસ્તારોમાં લાંબા સમયથી ગેરકાયદે પીજી ચાલતા હોવાની ફરિયાદો બાદ એસ્ટેટ વિભાગે કાર્યવાહી શરૂ કરી છે. વસ્ત્રાપુરના પ્રેમચંદ નગરમાં જ 33 મકાનોમાં ચાલતા પીજી પાસે ફાયર NOC કે BU પરમિશન નહોતી, જેના કારણે તેમને સીલ મારી દેવામાં આવ્યા છે. કુલ 65 એકમો પર તાળા વાગતા શહેરમાં ચર્ચા જાગી છે.
તંત્રના જણાવ્યા મુજબ, પીજી સંચાલકોને અગાઉ નોટિસ આપીને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું, પરંતુ કોઈ સંતોષકારક પુરાવા ન મળતા નિયમ મુજબ કાર્યવાહી કરાઈ છે. આ સીલિંગને કારણે નોકરી કે અભ્યાસ માટે રહેતા યુવક-યુવતીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. મકાનો સીલ થતા તેઓ રાત ક્યાં વિતાવવી તે પ્રશ્ને રોડ પર આવી ગયા છે. આ બાબતે પીજી સંચાલકોએ AMCની મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે પણ રજૂઆત કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બજેટ બેઠકને કારણે અધિકારીઓ મળી શક્યા નહોતા. સંચાલકોની માંગ છે કે સરકારે પીજી માટે વ્યવહારુ અને ચોક્કસ નિયમો ઘડવા જોઈએ જેથી મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને તકલીફ ન પડે. હાલમાં સંચાલકો ઝોનલ ઓફિસ ખાતે ધરણા પર બેસી ન્યાયની માંગ કરી રહ્યા છે.

## આણંદ સિવિલ હોસ્પિટલે વર્ષમાં ૧.૭૦ લાખ દર્દીઓને સારવાર આપી.

આણંદ સિવિલ હોસ્પિટલે વર્ષ 2025માં આરોગ્ય સેવાઓ ક્ષેત્રે નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે. સિવિલ સર્જન ડો. અમર પંડ્યાએ જાહેર કરેલા આંકડા મુજબ, એક વર્ષમાં કુલ 1,70,854 દર્દીઓએ ઓપીડીમાં નિદાન કરાવ્યું હતું. હોસ્પિટલની સુવિધાઓમાં વધારો થતા 60,327 દર્દીઓને ઇન્ડોર પેશન્ટ તરીકે શ્રેષ્ઠ સારવાર આપવામાં આવી હતી. સ્ત્રી રોગ વિભાગે 2,280 પ્રસૂતિ કરાવી હતી, જેમાંથી અનેક હાઈ-રિસ્ક કેસોમાં માતા અને બાળકના જીવ બચાવવામાં આવ્યા હતા. નવજાત બાળકોની સંભાળ માટે કાર્યરત સઘન સારવાર એકમમાં 1,478 બાળકોને નવું જીવન મળ્યું હતું. તબીબી કામગીરીમાં 1,032 મેજર ઓપરેશન્સ અને અંદાજે 8 લાખ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આધુનિક ડાયાલિસિસ સેન્ટર દ્વારા 700થી વધુ કિડનીના દર્દીઓને રાહત મળી છે. સરકારી યોજનાઓના સફળ અમલીકરણ દ્વારા 2,500થી વધુ લોકોએ મોંઘી સારવાર મફતમાં મેળવી છે, જે સરકારના છેવાડાના માનવી સુધી આરોગ્ય પહોંચાડવાના લક્ષ્યને સાકાર કરે છે.

# રાજકોટના કોઠારીયામાં આંગણવાડીઓની ગંભીર હાલત સામે આવતા મચ્યો હોબાળો

## કોઠારીયામાં આંગણવાડીની દયનીય સ્થિતિ, તંત્ર ઉઘાડું પડ્યું




**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકાના શાસકોના 'વિકાસ'ના ફુગ્ગાની હવા કોઠારીયા વિસ્તારની આંગણવાડીઓએ કાઢી નાખી છે. વોર્ડ નંબર ૧૮માં આવતી આંગણવાડીઓની હાલત એટલી હદે દયનીય અને ગંભીર છે કે ત્યાં બાળકોને મોકલવા તે જોખમ સમાન છે. ૮૦ હજારની વસ્તી ધરાવતા આ વિસ્તારમાં બાળકોના પોષણ અને શિક્ષણ માટે માત્ર ૧૪ આંગણવાડીઓ કાર્યરત છે, જે વસ્તીના પ્રમાણમાં અત્યંત ઓછી છે. આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખના સુરજ બગડા દ્વારા કરવામાં આવેલી ઓચિંતી તપાસમાં તંત્રની ઘોર બેદરકારીના વરવા દ્રશ્યો કેમેરામાં કેદ થયા છે. તપાસમાં જાણવા મળ્યું કે નારાયણનગર આંગણવાડીનો દરવાજો તૂટેલો હોવાથી તેને રૂમાલથી બાંધીને રાખવામાં આવે છે. પીવાના પાણી માટે મુકાયેલા કૂલર માત્ર દેખાડો છે, કારણ કે તેમાં પાણીનું કનેક્શન જ નથી. ૮૦ બાળકોની નોંધણી સામે માત્ર અડધા જ બાળકોને ભોજન પૂરું પાડવામાં આવે છે, જે મોટા કૌભાંડ તરફ ઈશારો કરે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, ૧૦૫ બાળકોની સંખ્યા ધરાવતી આંગણવાડી માત્ર ૧૦x૧૦ના નાના ભાડાના રૂમમાં ધમધમે છે, જ્યાં બાળકોને લાંબો સમય ઉભા રહેવું પડે છે. શૌચાલયના દરવાજા તૂટેલા છે અને પીવાના શુદ્ધ પાણીની કોઈ જ વ્યવસ્થા નથી. આમ આદમી પાર્ટીએ આક્ષેપ કર્યો છે કે ભાજપનું ગુજરાત મોડેલ માત્ર કાગળ પર જ છે અને ગરીબ બાળકોના ભવિષ્યની સરકારને કોઈ પરવા નથી. આ ગંભીર સ્થિતિ સામે આવતા મનપાના અધિકારીઓએ તાત્કાલિક રિપેરિંગના આદેશ આપીને પોતાની ચામડી બચાવવાનો પ્રયાસ કર્યો છે. મનપાના CDPO દ્વારા એક સપ્તાહમાં કામગીરી પૂર્ણ કરવાની ખાતરી અપાઈ છે, પણ સવાલ એ ઉઠે છે કે શું તંત્રની નજર હેઠળ વર્ષોથી ચાલતી આ નર્ક જેવી સ્થિતિ પાછળ જવાબદાર અધિકારીઓ સામે કોઈ કડક પગલાં લેવાશે? કોઠારીયાની આ આંગણવાડીઓ આજે ગુજરાતના વરવા શિક્ષણ તંત્રનું જીવંત ઉદાહરણ બની છે.

**રાજકોટના કોઠારીયા વિસ્તારમાં આંગણવાડીઓની દયનીય સ્થિતિ સરકારી તંત્રની ઘોર બેદરકારીનું વરવું પ્રદર્શન કરી રહી છે. ૮૦ હજારની વસ્તી સામે માત્ર ૧૪ આંગણવાડીઓ છે, જેમાંથી મોટાભાગની ભાડાના જર્જરિત મકાનોમાં ચાલે છે. આમ આદમી પાર્ટીની ઓચિંતી મુલાકાતમાં સામે આવ્યું કે બાળકો પાસે બેસવા માટે પૂરતી ખુરશીઓ નથી અને બાથરૂમના દરવાજા પણ તૂટેલા છે. પીવાના પાણીના કૂલર માત્ર શોભાના ગાંઠિયા સમાન છે. અધિકારીઓ હવે રિપેરિંગના બહાના હેઠળ લુલો બચાવ કરી રહ્યા છે, પરંતુ સવાલ એ છે કે આટલા સમય સુધી માસૂમ બાળકોની હાલાકી કેમ ન દેખાઈ?**

# સાવરકુંડલાથી દ્વારકા જતી પદયાત્રાનું ચલાલામાં શ્રદ્ધાભેર ભવ્ય સ્વાગત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ચલાલાની પવિત્ર ધરા પર આજે આસ્થા અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. સાવરકુંડલાના પ્રખ્યાત 'રાધે કૃષ્ણ મંડળ' દ્વારા આયોજિત પદયાત્રા સંઘનું ચલાલા ખાતે આગમન થયું ત્યારે વાતાવરણ ભક્તિના રંગે રંગાયું હતું. સાવરકુંડલાથી દ્વારકા સુધીની કપરી યાત્રા પર નીકળેલા પદયાત્રીઓને વધાવવા માટે ચલાલાના ગ્રામજનો વહેલી સવારથી જ ઉત્સુક હતા. જ્યારે પદયાત્રા સંઘે ચલાલામાં પ્રવેશ કર્યો, ત્યારે સમગ્ર પંથક 'જય દ્વારકાધીશ'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો. સ્થાનિક અગ્રણીઓ અને સામાજિક કાર્યકરોએ સંઘનું સ્વાગત ફૂલહાર અને પુષ્પવર્ષા દ્વારા કર્યું હતું. આકરી ઠંડી હોવા છતાં પદયાત્રીઓના ઉત્સાહમાં કોઈ ઓટ જોવા મળી ન હતી, જે તેમની દ્વારકાધીશ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાનું પ્રતીક હતું. ચલાલાના મુખ્ય માર્ગો પર ભક્તોએ પદયાત્રીઓને આવકારવા માટે ખાસ વ્યવસ્થાઓ કરી હતી. ગ્રામજનોએ પદયાત્રીઓને આશીર્વાદ આપવા અને તેમનો ઉત્સાહ વધારવા માટે ઠેર-ઠેર સ્વાગત પોઈન્ટ્સ ઊભા કર્યા હતા. લોકોએ પદયાત્રીઓની સેવા કરી હર્ષની લાગણી અનુભવી હતી. સાવરકુંડલાના આ સંઘની ભક્તિ જોઈને ચલાલાવાસીઓ મંત્રમુગ્ધ થયા હતા. પદયાત્રીઓની સુરક્ષિત અને મંગલમય યાત્રા માટે સૌએ સામૂહિક પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક આયોજને ચલાલામાં એકતા અને ભાઈચારાની સાથે ભક્તિની જ્યોત પ્રજ્વલિત કરી હતી.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા







# રાજકોટમાં આકરો તાપ: ફેબ્રુઆરીમાં જ તાપમાન 35 ડિગ્રીને પાર


**દૈનિક પલ્સ સમાચાર:** સૌરાષ્ટ્ર અને કચ્છના વાતાવરણમાં છેલ્લા કેટલાક સમયથી અજીબોગરીબ પલટો જોવા મળી રહ્યો છે. રાજકોટવાસીઓ અત્યારે એક જ દિવસમાં બે અલગ-અલગ ઋતુઓનો અનુભવ કરી રહ્યા છે. સવારના સમયે ઠંડક અને બપોરે અસહ્ય ગરમીને કારણે જનજીવન પ્રભાવિત થયું છે. આજે રાજકોટમાં બપોરે 2:30 કલાકે મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી નોંધાયું હતું, જે ગઈકાલના 34.7 ડિગ્રીના રેકોર્ડને તોડે તેવી શક્યતા છે.

સ્થાનિક હવામાન કચેરીના આંકડા મુજબ, આજે સવારે શહેરનું લઘુતમ તાપમાન 19.8 ડિગ્રી અને હવામાં ભેજ 62 ટકા હતો, જેના કારણે વહેલી સવારે ગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. જોકે, જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ તાપમાનમાં ઉછાળો આવ્યો હતો. બપોરે ભેજનું પ્રમાણ ઘટીને 26 ટકા થઈ ગયું હતું અને પવનની ઝડપ 6 કિમી પ્રતિ કલાક રહેતા લોકોએ આકરા તાપનો સામનો કરવો પડ્યો હતો. ગઈકાલે રાજકોટ રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. અન્ય શહેરોની સ્થિતિ જોઈએ તો સુરત 34.2 ડિગ્રી સાથે બીજા ક્રમે હતું, જ્યારે ભુજ, પોરબંદર અને ડીસામાં પારો 33.2 ડિગ્રીની આસપાસ રહ્યો હતો. ગાંધીનગરમાં પણ 33 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

નિષ્ણાતોના મતે, ફેબ્રુઆરીના અંતમાં તાપમાનમાં થતો આ ઉછાળો આવનારા આકરા ઉનાળાના સંકેત આપી રહ્યો છે. ડબલ ઋતુને કારણે વાયરલ ઇન્ફેક્શન, શરદી અને તાવના કેસોમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. લોકો બપોરના સમયે કામ વગર બહાર નીકળવાનું ટાળી રહ્યા છે અને ઠંડા પીણાંનો સહારો લઈ રહ્યા છે. આગામી 24 કલાકમાં તાપમાન 35 ડિગ્રીની સપાટી વટાવી શકે છે તેવી આગાહી કરવામાં આવી છે, જેનાથી ગરમીનું જોર હજુ વધશે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા



# ગીતાબેન કારિયાની અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે વરણી કરાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** અમરેલી જિલ્લા ભાજપના સંગઠનમાં ધરખમ ફેરફારો સાથે જાહેર થયેલા નવા માળખામાં ચલાલાના પાયાના કાર્યકર ગીતાબેન પ્રકાશભાઈ કારિયાને જિલ્લા ઉપપ્રમુખ જેવી મોટી જવાબદારી સોંપાઈ છે. રાજ્ય કક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની રાહબરી હેઠળ લેવાયેલા આ નિર્ણયને ચલાલા પંથકમાં આવકારવામાં આવ્યો છે. ગીતાબેન વર્ષોથી ભાજપમાં સક્રિય રહીને જનસેવા સાથે જોડાયેલા છે, જેની આજે પક્ષે ઉચિત કદર કરી છે. આ ખુશીના અવસરે ચલાલા લોહાણા સમાજ દ્વારા ગીતાબેનનું હૃદયસ્પર્શી બહુમાન કરવામાં આવ્યું હતું. લોહાણા મહાજનવાડી ખાતે આયોજિત કાર્યક્રમમાં રઘુવંશી સમાજના આગેવાનોએ ગર્વ સાથે જણાવ્યું કે ગીતાબેન જેવું કર્મઠ વ્યક્તિત્વ જ્યારે જિલ્લા કક્ષાએ પહોંચે ત્યારે સમગ્ર સમાજનું ગૌરવ વધે છે. તેમને સાલ ઓઢાડી અને પુષ્પહારથી વધાવવામાં આવ્યા હતા. સન્માનનો પ્રતિસાદ આપતા ગીતાબેન કારિયાએ જણાવ્યું હતું કે પક્ષે તેમના પર જે ભરોસો મૂક્યો છે, તેને તેઓ પૂરી નિષ્ઠાથી સાર્થક કરશે. તેમણે ખાસ ઉલ્લેખ કર્યો કે તેમનું લક્ષ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનું રહેશે. આ નિમણૂકથી સ્થાનિક સ્તરે મહિલા કાર્યકરોમાં નવો જોમ પુરાયો છે અને સોશિયલ મીડિયા પર ગીતાબેનને અભિનંદન આપતી પોસ્ટ્સની હેલી ચડી છે.


રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

# હોળી પર્વે એસટી નિગમ રાજ્યભરમાં ૧૩૦૦ વધારાની બસો દોડાવશે.

**દૈનિક પલ્સ સમાચાર:** હોળી-ધૂળેટીના પર્વ નિમિત્તે સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા પંચમહાલ-દાહોદ પંથકના શ્રમિકો માટે એસટી નિગમે રાહતના સમાચાર આપ્યા છે. દર વર્ષે તહેવારોમાં વતન જવા માટે થતા ભારે ધસારાને ધ્યાને રાખીને, નિગમ દ્વારા આ વર્ષે 1300 જેટલી સ્પેશિયલ એક્સ્ટ્રા બસો દોડાવવાનું આયોજન કરાયું છે. રાજકોટ વિભાગ આ કામગીરીમાં મહત્વની ભૂમિકા ભજવશે, જ્યાંથી 280 વધારાની બસો દોડાવવામાં આવશે. રાજકોટ એસટી વિભાગના સૂત્રો મુજબ, 27 ફેબ્રુઆરીથી શરૂ થતા સાત દિવસના આ આયોજનમાં દૈનિક 40 બસો દાહોદ, ગોધરા અને ઝાલોદ જેવા રૂટો પર દોડશે. ખાસ વાત એ છે કે, મુસાફરોએ અત્યારથી જ એડવાન્સ બુકિંગમાં રસ દાખવ્યો છે અને રાજકોટથી 10 બસોનું ગ્રુપ બુકિંગ પણ થઈ ગયું છે. નિગમ દ્વારા સમગ્ર રાજ્યમાં કુલ 7500 ટ્રીપોનું સંચાલન કરવાનું લક્ષ્યાંક છે.

આ ઉપરાંત, હોળી-ધૂળેટી પર ડાકોરના રણછોડરાયજીના ફૂલડોલોત્સવ અને દ્વારકા જવા માંગતા શ્રદ્ધાળુઓ માટે પણ 450 બસો દ્વારા 3500 ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરો કોઈપણ અગવડતા વિના GSRTCની વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા બુકિંગ કરાવી શકે છે. નિગમના ટોલ-ફ્રી નંબર 1800 233 666666 પરથી પણ 24 કલાક માહિતી મેળવી શકાશે. આ આયોજનથી લાખો શ્રમિકો અને મુસાફરો પોતાના પરિવાર સાથે સુરક્ષિત રીતે તહેવારની ઉજવણી કરી શકશે.



રિપોર્ટ : હાર્દિક ચંદારાણા

# પેટલાદની આર.કે. પરીખ કોલેજના વિદ્યાર્થીઓની વિધાનસભાની મુલાકાત

## પેટલાદની આર.કે. પરીખ કોલેજના વિદ્યાર્થીઓએ નિહાળી વિધાનસભા

**દૈનિક પલ્સ સમાચાર:** પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના એન.એસ.એસ. (NSS) યુનિટ દ્વારા તાજેતરમાં ગુજરાત વિધાનસભાની એક પ્રેરણાદાયી શૈક્ષણિક મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડો. વિમલ જોશીના માર્ગદર્શન અને પ્રોત્સાહન હેઠળ યોજાયેલી આ મુલાકાતનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભારતીય લોકશાહીની સંસદીય કાર્યપ્રણાલી અને રાજ્યના વહીવટી માળખાથી વાકેફ કરવાનો હતો. ગાંધીનગર સ્થિત વિધાનસભા ભવન ખાતે પહોંચેલા વિદ્યાર્થીઓએ ગૃહની કાર્યવાહીને અત્યંત ઉત્સાહપૂર્વક નિહાળી હતી. કાયદા કેવી રીતે બને છે અને જનતાના પ્રશ્નોની રજૂઆત ગૃહમાં કેવી રીતે થાય છે, તે પ્રક્રિયા વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ જોઈ હતી. આ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન પેટલાદ વિધાનસભાના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલે વિદ્યાર્થીઓ સાથે ખાસ વાર્તાલાપ કર્યો હતો. તેમણે યુવાપેઢીને સંબોધતા જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાથે રાષ્ટ્ર માટે સેવાકીય ભાવના હોવી અનિવાર્ય છે. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને ભવિષ્યના રાષ્ટ્રસેવક બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત, કોલેજની વિદ્યાર્થીનીઓએ રાજ્યકક્ષાના મંત્રી રિવાબા જાડેજા સાથે પણ મુલાકાત કરી હતી, જે તેમના માટે પ્રેરણારૂપ બની રહી હતી.
આ મુલાકાત ડો. મહેશચંદ્ર યાજ્ઞિકના સાનિધ્યમાં યોજાઈ હતી, જેમાં કોલેજના આચાર્ય ડો. વિમલ જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંકલન ડો. અલ્પેશ પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ડો. જે. એ. ચૌધરી, ડો. અશોક પટેલ, ડો. સોનલબેન ગજ્જર, કુ. રીકીતા અમીન અને હસમુખભાઈ મહિડાએ મહત્વનું યોગદાન આપ્યું હતું. મુલાકાત બાદ તમામ વિદ્યાર્થીઓએ હર્ષ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે આવા પ્રવાસોથી લોકશાહીના મૂલ્યો પ્રત્યેની તેમની સમજ વધુ સ્પષ્ટ બની છે.



**પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર.કે. પરીખ કોલેજના વિદ્યાર્થીઓએ આચાર્ય ડો. વિમલ જોશીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિધાનસભાની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ લોકશાહીના મૂલ્યો અને ગૃહની કાર્યવાહી વિશે જ્ઞાન મેળવ્યું હતું. રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને રાષ્ટ્રસેવા માટે પ્રેરિત કર્યા હતા, જ્યારે વિદ્યાર્થીનીઓએ મંત્રી રિવાબા જાડેજા સાથે પણ સંવાદ કર્યો હતો. ડો. અલ્પેશ પ્રજાપતિ દ્વારા આ સફળ મુલાકાતનું સંકલન કરવામાં આવ્યું હતું.**

# ભાજપ યુવા મોરચાએ અમદાવાદના ખાનપુરમાં રાહુલ ગાંધીનું પૂતળું બાળ્યું

**દૈનિક પલ્સ સમાચાર:** ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા અમદાવાદના ઐતિહાસિક ખાનપુર વિસ્તારમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. રાહુલ ગાંધીના તાજેતરના નિવેદનોથી નારાજ ભાજપ યુવા મોરચાએ શહેરના વિવિધ વોર્ડના કાર્યકરોને એકઠા કરી વિરોધનું બ્યુગલ ફૂંક્યું હતું. ખાનપુર ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં કાર્યકરોએ રાહુલ ગાંધીનું પૂતળું બનાવી તેને આગ ચાંપી હતી. પૂતળાદહન દરમિયાન કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને રોષ જોવા મળ્યો હતો. ભાજપ યુવા મોરચાના નેતાઓએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાહુલ ગાંધી વારંવાર વિદેશી ધરતી પર જઈને અથવા જાહેર મંચ પરથી દેશની છબી ખરડાય તેવા નિવેદનો આપે છે, જે ભારતનો યુવાન ક્યારેય સહન કરશે નહીં. વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કાર્યકરોને સમજાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં અમદાવાદ શહેર ભાજપ યુવા મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પૂતળાદહનની ઘટનાને પગલે કોંગ્રેસ અને ભાજપ વચ્ચે શાબ્દિક યુદ્ધ વધુ તેજ બનવાની શક્યતા છે. આગામી દિવસોમાં ભાજપ દ્વારા આ મુદ્દે રાજ્યવ્યાપી આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.



રિપોર્ટ : દિપેશ શ્રીમાળી






## આણંદ: 15 ખાદ્ય એકમો પાસેથી ₹71,000નો દંડ વસૂલાયો

આણંદ મહાનગરપાલિકાના કમિશનરની સૂચના હેઠળ આરોગ્ય વિભાગે શહેરમાં ખાદ્ય સામગ્રી વેચતા એકમોમાં સઘન તપાસ શરૂ કરી છે. ડોક્ટર રાજેશ પટેલ અને તેમની ટીમે આણંદ-કરમસદ રોડ પર આવેલા અનેક જાણીતા એકમોની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ તપાસમાં 15 જેટલા ખાદ્ય એકમોમાં સ્વચ્છતાનો અભાવ અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોવાનું ખુલ્યું હતું. આરોગ્ય વિભાગે સ્વચ્છતાના ધારાધોરણો ન જાળવનારા એકમો પાસેથી ₹59,000 અને પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખનારા એકમો પાસેથી ₹12,000 મળી કુલ ₹71,000 નો દંડ વસૂલ્યો છે. દંડાયેલા એકમોમાં ડોમિનોઝ પિઝા, છાશ વાલા અને કચ્છી દાબેલી જેવા જાણીતા નામ પણ સામેલ છે. આરોગ્ય વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આગામી દિવસોમાં પણ આ તપાસ ચાલુ રહેશે અને નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કડક પગલાં લેવાશે.

## તારાપુર: રિક્ષામાં મુસાફરના ખિસ્સામાંથી ₹35,000ની ચોરી

તારાપુરમાં રિક્ષામાં બેસાડીને મુસાફરોના ખિસ્સા સાફ કરતી ગેંગ ફરી સક્રિય થઈ હોય તેમ જણાય છે. તારાપુરના લીમડી ચોક વિસ્તારમાં રહેતા અને સુથારીકામ કરતા મિતેશભાઈ મિસ્ત્રી પોતાની મહેનતના એકઠા થયેલા ₹35,000 બેંકમાં જમા કરાવવા નીકળ્યા હતા. ચંદન સ્ટોર નજીકથી તેઓ બસસ્ટેન્ડ જવા માટે એક રિક્ષામાં બેઠા હતા. રિક્ષામાં અગાઉથી જ બે શખ્સો સવાર હતા. મુસાફરી દરમિયાન એક શખ્સ વારંવાર ખસીને અને થૂંકવાના બહાને મિતેશભાઈ સાથે ભીડ કરી રહ્યો હતો. બસસ્ટેન્ડ પહોંચીને જ્યારે મિતેશભાઈ ઉતર્યા ત્યારે રિક્ષા ત્યાંથી ઝડપભેર જતી રહી હતી. ખિસ્સામાં તપાસ કરતા ₹35,000 ગાયબ જણાતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. આ અંગે તેમણે તાત્કાલિક પોલીસમાં જાણ કરી હતી. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી મુસાફરોને સાવચેત રહેવા અપીલ કરી છે.

## આણંદ મનપાની લાલ આંખ: બાકી વેરા બદલ 8 દુકાનો સીલ

આણંદ મહાનગરપાલિકા દ્વારા બાકી લેણાંની વસૂલાત માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. આજે મનપાની રિકવરી ટીમે ગણેશ ચોકડી વિસ્તારમાં ત્રાટકીને લાંબા સમયથી વેરો ન ભરતા મિલકત ધારકો સામે લાલ આંખ કરી હતી. અંદાજે 3.39 લાખ રૂપિયાનો ટેક્સ બાકી હોવાના કારણે પાંચ દુકાનોને સ્થળ પર જ સીલ કરી દેવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન ટીમે અન્ય ધારકો પાસેથી 2.73 લાખના બાકી વેરાની સ્થળ પર જ રિકવરી પણ કરી હતી.
બીજી તરફ, મનપાના શોપ એક્ટ વિભાગે પણ ભાડાની વસૂલાત માટે કાર્યવાહી તેજ કરી છે. ચર્ચ શોપિંગ સેન્ટરની બે અને ડો. એચ. એમ. પટેલ મ્યુનિસિપલ માર્કેટની એક દુકાન મળી કુલ ત્રણ દુકાનોને સીલ મારવામાં આવ્યું છે, જેનું અંદાજે 3.86 લાખનું ભાડું બાકી હતું. તંત્રએ તમામ વેપારીઓને તાકીદ કરી છે કે 31 માર્ચ, 2026 સુધીમાં તમામ લેણાં ભરપાઈ કરી દેવા, અન્યથા મ્યુનિસિપલ એક્ટ હેઠળ મિલકત જપ્તીની કડક કાર્યવાહી કરવામાં આવશે.






# ધોળકા પાલિકાની બેદરકારીથી ખેતરો જળબંબાકાર થતા ખેડૂતોમાં ભારે આક્રોશ

**દૈનિક પલ્સ સમાચાર:** ધોળકા નગરપાલિકાની વહીવટી નિષ્ફળતાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેમાં ભોગ ખેડૂતો બની રહ્યા છે. ચીકલી તળાવ રોડ વિસ્તારમાં તંત્રની બેદરકારીના કારણે ખેડૂતો અત્યારે લાચાર બનીને પોતાનો પાક બરબાદ થતો જોઈ રહ્યા છે. પાલિકાની મુખ્ય પાણીની લાઈન તૂટી જતાં તેનું પાણી સતત વહીને ખેતરોમાં જળબંબાકારની સ્થિતિ પેદા કરી રહ્યું છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેઓએ પાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને પ્રમુખને વારંવાર જાણ કરી છે, પરંતુ તંત્ર માત્ર ઠાલા આશ્વાસનો આપવામાં જ વ્યસ્ત છે. કોઈ કાયમી ઉકેલ ન આવતા ખેડૂતોમાં હવે તંત્ર પ્રત્યે ભારે ધિક્કારની લાગણી જોવા મળી રહી છે. સરકાર એકબાજુ ખેડૂતોની આવક બમણી કરવાની વાતો કરે છે, બીજીબાજુ ધોળકા પાલિકા જેવી સંસ્થાઓ ખેડૂતોની છે તે કમાણી પણ છીનવી રહી હોય તેવું લાગે છે. પાણી ભરાવાને કારણે મોંઘા બિયારણ અને ખાતરનો ખર્ચ માથે પડ્યો છે. ખેડૂતોની સ્પષ્ટ માંગ છે કે નગરપાલિકાના જે અધિકારીઓએ રજૂઆત છતાં આંખ આડા કાન કર્યા છે તેમની સામે કાયદેસરની તપાસ થવી જોઈએ. જો ૨૪ કલાકમાં સમારકામ શરૂ કરવામાં નહીં આવે તો ખેડૂતો પાલિકા કચેરીએ હલ્લાબોલ કરવાની તૈયારી કરી રહ્યા છે. તંત્રની આ ઢીલી નીતિ જગતના તાતની ધીરજની કસોટી કરી રહી.



રિપોર્ટ : બારીયા પ્રભાતસિંહ

# જેનાલ પ્રાથમિક શાળામાં જન્મદિવસ નિમિત્તે તિથિ ભોજન અને શૈક્ષણિક ભેટ

**દૈનિક પલ્સ સમાચાર:** ડીસા તાલુકાની સોલંકીવાસ જેનાલ પ્રાથમિક શાળામાં આજે વિદ્યાર્થીઓ અને ગ્રામજનોની ઉપસ્થિતિમાં એક પ્રેરણાદાયી સેવા કાર્યક્રમ સંપન્ન થયો હતો. વરનોડા સી.આર.સી. અંતર્ગત આવતી આ શાળામાં અભ્યાસ કરતા બાળકો માટે સ્થાનિક દાતાઓ આગળ આવ્યા હતા. અગ્રણી ગામના વિરેન્દ્રસિંહ અશ્વિનસિંહ સોલંકીએ હોટલ કે પાર્ટીમાં ખર્ચ કરવાને બદલે શાળાના બાળકો સાથે પોતાનો જન્મદિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. તેમના દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓને તિથિ ભોજન પીરસવામાં આવ્યું હતું. આ કાર્યમાં જેનાલના હસમુખભાઈ નાઈ અને આકાશભાઈ નાઈ પણ સહભાગી બન્યા હતા અને તેમણે પણ વિદ્યાર્થીઓને ભોજનની સેવા પૂરી પાડી હતી. માત્ર ભોજન જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓની જરૂરિયાતને સમજીને હસમુખભાઈ નાઈ અને ભરતભાઈ નાઈ દ્વારા એક પ્રશંસનીય પગલું ભરવામાં આવ્યું હતું. તેમણે શાળાના દરેક બાળકને શૈક્ષણિક ઉપયોગમાં આવે તેવા ચોપડા અને પેન ભેટ સ્વરૂપે આપ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય અશ્વિનસિંહ લક્ષ્મણસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, જ્યારે સમાજના લોકો શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાય છે ત્યારે બાળકોમાં ભણતર પ્રત્યે વધુ ઉત્સાહ જાગે છે. તેમણે દાતાઓની ઉદારતાને બિરદાવી તમામનો આભાર માન્યો હતો. દાતાઓના આ નાના સહયોગથી બાળકોના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું. આ કાર્યક્રમે અન્ય લોકો માટે પણ પોતાના ખાસ દિવસોની ઉજવણી સેવાકાર્યો દ્વારા કરવા માટેનો એક ઉમદા દાખલો બેસાડ્યો છે.



રિપોર્ટ : દિપક પરમાર ઘડિયા

# ચાસવડ દૂધ મંડળીના વહીવટ સામે સભાસદોએ નોંધાવ્યો ઉગ્ર વિરોધ

## ચાસવડ દૂધ મંડળીમાં વહીવટી વંટોળ: ચૂંટણીની ઉગ્ર માંગ

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાની ચાસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં સત્તા અને વહીવટના મામલે મોટો ભડાકો થયો છે. મંડળીના હજારો શેર સભાસદોમાં કસ્ટોડિયન કમિટીની કામગીરીને લઈને ભારે અસંતોષ ફાટી નીકળ્યો છે. આક્રોશિત સભાસદોએ જિલ્લા રજિસ્ટ્રારની કચેરીએ પહોંચીને લેખિતમાં ગંભીર ફરિયાદો સાથેનું આવેદનપત્ર પાઠવ્યું છે, જેમાં મંડળીના વહીવટમાં ચાલી રહેલી તાનાશાહી અને ભ્રષ્ટાચારની ગંધ સામે સવાલો ઉઠાવ્યા છે.
આવેદનપત્રના વિષયવસ્તુ મુજબ, વર્તમાન કસ્ટોડિયન કમિટી પશુપાલકોના પરસેવાની કિંમત આંકવામાં નિષ્ફળ રહી છે. અન્ય ડેરીઓ અને મંડળીઓની તુલનામાં અહીં દૂધના ભાવમાં મોટો તફાવત હોવાથી પશુપાલકો આર્થિક પાયમાલી તરફ ધકેલાઈ રહ્યા છે. સભાસદોનો સૌથી ગંભીર આક્ષેપ એ છે કે મંડળીમાં લોકશાહી જેવું કંઈ બચ્યું નથી; દૂધ સેન્ટરો અને પરિવહન સેવાઓ પૂર્વ નોટિસ વિના જ બંધ કરી દેવાઈ છે, જે વહીવટી મનસ્વીતાનો પુરાવો છે. રાજકીય કિન્નાખોરીના કારણે મંડળીની દૂધની એકત્રીકરણ ક્ષમતામાં પણ ધરખમ ઘટાડો નોંધાયો છે, જે સંસ્થાના ભાવિ માટે જોખમી સંકેત છે. સભાસદોએ જિલ્લા રજિસ્ટ્રારનું ધ્યાન દોર્યું છે કે મંડળીની પાંચ વર્ષની કાયદેસરની મુદત ૨૩ જાન્યુઆરીના રોજ પૂર્ણ થઈ ગઈ છે. આમ છતાં, કસ્ટોડિયન કમિટી સત્તા છોડવા તૈયાર નથી અને ચૂંટણી પ્રક્રિયાને જાણીજોઈને લંબાવવામાં આવી રહી છે. સભાસદોએ સ્પષ્ટ શબ્દોમાં માંગ કરી છે કે મંડળીના પારદર્શક અને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટ માટે તાત્કાલિક ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવે. જો તંત્ર દ્વારા આ મામલે ઢીલી નીતિ અપનાવવામાં આવશે તો પશુપાલકો હિતરક્ષા માટે રસ્તા પર ઉતરતા પણ અચકાશે નહીં. આ વિવાદ હવે નેત્રંગ પંથકના સહકારી રાજકારણમાં ગરમાવો લાવી રહ્યો છે, અને સૌની નજર જિલ્લા રજિસ્ટ્રારના આગામી નિર્ણય પર ટકી છે.


રિપોર્ટ : ભાવેશ વસાવા

**નેત્રંગ વિભાગની ચાસવડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં લોકશાહીનું ચીરહરણ થતું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. મંડળીની પાંચ વર્ષની મુદત પૂર્ણ થઈ હોવા છતાં ચૂંટણી ન યોજાતા સભાસદોમાં ભારે રોષ છે. જિલ્લા રજિસ્ટ્રારને અપાયેલા આવેદનમાં કસ્ટોડિયન કમિટી પર ભાવમાં કાપ, પૂર્વ સૂચના વિના સેન્ટરો બંધ કરવા અને રાજકીય કિન્નાખોરીના ગંભીર આક્ષેપો કરાયા છે. ગરીબ આદિવાસી પશુપાલકો આર્થિક નુકસાન વેઠી રહ્યા છે. સભાસદોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તાત્કાલિક ચૂંટણી નહીં યોજાય તો આંદોલન તેજ કરાશે.**

# બીલખા PGVCLની ડિસકનેક્શન ડ્રાઈવ પૂર્વે બાકી બિલ ભરવા અપીલ

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખા વિસ્તારમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) દ્વારા બાકી વીજ બિલોની વસૂલાત માટે આયોજનબદ્ધ ઝુંબેશની તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. આર્થિક વર્ષના અંત પૂર્વે મહત્તમ વસૂલાત કરવાના લક્ષ્યાંક સાથે પીજીવીસીએલ દ્વારા મેગા ડિસકનેક્શન ડ્રાઈવ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. તંત્ર દ્વારા કરવામાં આવેલી સત્તાવાર અપીલમાં જણાવાયું છે કે, બીલખા પંથકના અનેક ગ્રાહકોના વીજ બિલો લાંબા સમયથી બાકી હોવાથી કંપનીના લેણાંમાં સતત વધારો થઈ રહ્યો છે. આ પરિસ્થિતિને જોતા, હવે કડક કાર્યવાહી સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી. આગામી દિવસોમાં પીજીવીસીએલની વિવિધ ટીમો ગામે-ગામ ફરીને બાકીદારોના વીજ જોડાણો કાપવાની કામગીરી કરશે. ગ્રાહકોને અંધારપટ અને વીજ જોડાણ કપાવાને કારણે પડતી હાલાકીમાંથી બચવા માટે પીજીવીસીએલ દ્વારા છેલ્લી તક આપવામાં આવી રહી છે. ગ્રાહકોને નમ્ર વિનંતી છે કે ડિસકનેક્શન ડ્રાઈવ તમારા ઘરે કે વ્યવસાયિક સ્થળે પહોંચે તે પહેલાં બાકી રકમની ચૂકવણી કરી દેવી. વીજ જોડાણ એકવાર કપાઈ ગયા બાદ રી-કનેક્શન ચાર્જ અને દંડની રકમ પણ ભરવી પડતી હોય છે, જે ગ્રાહકો પર વધારાનો આર્થિક બોજ નાખે છે. આ તમામ મુશ્કેલીઓથી બચવા અને અવિરત વીજ પુરવઠો મેળવતા રહેવા માટે વહેલી તકે બિલ ભરવું હિતાવહ છે.



રિપોર્ટ : કિરણસિંહ સોલંકી




# કપડવંજ: શ્રી બહુચર માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

**દૈનિક પલ્સ સમાચાર:** કપડવંજ ખાતે રત્નાકર માતાજી મંદિર રોડ પર આજે શ્રદ્ધા અને ભક્તિનો ત્રિવેણી સંગમ સર્જાયો હતો. સનાતન ધર્મ કિન્નર સંપ્રદાય શ્રી દાદા ગંગારામ દાદાજી અખાડા દ્વારા આયોજિત 'શ્રી બહુચર માતાજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ મહોત્સવમાં માં બહુચરની મૂર્તિની સ્થાપના શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી.
આ ભવ્ય પ્રસંગે ધાર્મિક અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્યત્વે ધુળસિંહ સોલંકી, અશોકસિંહ પરમાર અને જયેશસિંહની ગરિમામય હાજરી રહી હતી. આ મહાનુભાવોએ માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં સહભાગી થઈ પૂજા અર્ચના કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. તેમણે માં બહુચરના ચરણોમાં શીશ ઝુકાવી સમગ્ર પંથકની જનતાની સુખાકારી અને સમૃદ્ધિ માટે મનોકામના કરી હતી. કિન્નર સંપ્રદાય દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં માત્ર કપડવંજ જ નહીં પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં માઈભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરને રંગબેરંગી ફૂલો અને આકર્ષક રોશનીથી સજાવવામાં આવ્યું હતું. પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે સવારથી જ હોમ-હવન અને વિશેષ અનુષ્ઠાનોનો પ્રારંભ થયો હતો. બપોરના સમયે યોજાયેલી મહાઆરતીમાં શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટ્યો હતો અને 'જય બહુચર'ના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે આયોજકોએ જણાવ્યું હતું કે, સનાતન ધર્મની પરંપરાને જાળવી રાખવા અને ભક્તિના પ્રસાર માટે આ અખાડા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. પ્રાણ પ્રતિષ્ઠા બાદ માતાજીના દર્શન માટે દ્વાર ખોલવામાં આવ્યા હતા, જ્યાં ભક્તોએ ભાવપૂર્વક દર્શન કર્યા હતા. કાર્યક્રમના અંતે તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. "માં બહુચર સદા સહાયતે" ના ભાવ સાથે આ પાવન મહોત્સવની ભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી.


રિપોર્ટ : દિપક પરમાર ઘડિયા




# કેશોદના જૂના સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો

**દૈનિક પલ્સ સમાચાર:** કેશોદના જૂના સ્વામિનારાયણ મંદિરમાં પાટોત્સવનો પાવન પ્રસંગ ખૂબ જ ભક્તિ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. મંગલા આરતીથી શરૂ થયેલા આ મહોત્સવમાં સવારથી જ હરિભક્તોનો પ્રવાહ જોવા મળ્યો હતો. પાટોત્સવના મુખ્ય આકર્ષણ સમાન ભગવાનના ષોડશોપચાર પૂજન અને અભિષેક વિધિમાં ભક્તોએ ભાવપૂર્વક દર્શનનો લાભ લીધો હતો. ઘનશ્યામ મહારાજને પંચામૃત અને દિવ્ય ઔષધિઓથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આયોજિત આધ્યાત્મિક ગોષ્ઠિમાં વિદ્વાન પૂજારીઓએ પાટોત્સવનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આવા ઉત્સવો ભક્તોમાં નવી ચેતના અને શ્રદ્ધાનો સંચાર કરે છે. પૂજારી બીપીનભાઈ અને ચંદુભાઈ ગોટેચાએ માનવ જીવનમાં સંસ્કાર અને ભક્તિના સમન્વય પર ભાર મૂક્યો હતો. સાંજે યોજાયેલી ભવ્ય મહા આરતીમાં ઝાંઝ-પખાવાજના નાદ અને જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મંદિરને વિશેષ ફૂલોની સજાવટ અને રંગબેરંગી લાઈટિંગથી શણગારવામાં આવ્યું હતું, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ઉત્સવના અંતે આયોજિત મહાપ્રસાદમાં મોટી સંખ્યામાં પુરુષો, મહિલાઓ અને બાળકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સ્વયંસેવકો દ્વારા ટ્રાફિક અને શિસ્તનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું, જેના કારણે હજારો ભક્તોએ સુગમતાથી દર્શન કર્યા હતા. કેશોદના શ્રદ્ધાળુઓ માટે આ પાટોત્સવ એક યાદગાર આધ્યાત્મિક અનુભવ સાબિત થયો હતો.


રિપોર્ટ : હર્ષ ભરડા, કેશોદ

# બીલખાના ખેડૂતોની વ્યથા: ઘઉંની ખરીદીના જથ્થા અંગે સરકાર સ્પષ્ટતા કરે

**દૈનિક પલ્સ સમાચાર:** બીલખા તાલુકાના ખેડૂતો માટે અત્યારે ઘઉંનો પાક તૈયાર છે, પરંતુ વેચાણની પ્રક્રિયા તેમને ચિંતા કરાવી રહી છે. સરકાર દ્વારા ટેકાના ભાવ સમાન રૂ. 517 ના ભાવે ઘઉં ખરીદવાની જાહેરાત કરવામાં આવી છે, જે ખેડૂતો માટે રાહતના સમાચાર છે. પરંતુ સિક્કાની બીજી બાજુ એ છે કે સરકાર દ્વારા ખરીદીના જથ્થા અંગે કોઈ સ્પષ્ટ ગાઈડલાઈન બહાર પાડવામાં આવી નથી. ખેડૂતોની મુખ્ય ચિંતા ટ્રાન્સપોર્ટ ખર્ચ અને સમયના બગાડને લઈને છે. જ્યારે ખેડૂત ટ્રેક્ટર કે ટ્રક ભાડે કરીને પોતાનો માલ વેચવા માટે ખરીદ કેન્દ્ર પર જાય છે, ત્યારે જો સરકાર માત્ર મર્યાદિત ક્વોટામાં જ ઘઉં લે, તો બાકીના ઘઉં પાછા લઈ જવા ખેડૂતને મોંઘા પડે છે. બીલખાના ખેડૂતોનું કહેવું છે કે જો જથ્થાની મર્યાદા અગાઉથી જાણવામાં આવે અથવા પૂરેપૂરો જથ્થો ખરીદવાની ખાતરી આપવામાં આવે તો જ તેઓ નિશ્ચિંત થઈ શકે. આ સમસ્યાને લઈને ખેડૂતોએ એકસૂરે માંગ કરી છે કે તંત્ર દ્વારા સત્વરે જાહેરાત કરવામાં આવે કે કેટલો જથ્થો સ્વીકાર્ય રહેશે. ખેડૂતો ઈચ્છે છે કે તેમનો તમામ ઉત્પાદિત જથ્થો સરકાર દ્વારા ખરીદવામાં આવે જેથી તેમને વારંવાર ફેરા ન કરવા પડે. ખેડૂતોના હિતમાં આ નિર્ણય લેવો અત્યંત જરૂરી છે, કારણ કે ખેતી પાછળ થતો ખર્ચ અને પરિવહન ખર્ચ સતત વધી રહ્યો છે.



રિપોર્ટ : આશિષ વસાવડા

**બીલખાના ખેડૂતો ઘઉંની ખરીદીના જથ્થા અંગે અવઢવમાં છે. સરકાર દ્વારા રૂ. 517 ના ભાવે ખરીદીની જાહેરાત તો કરાઈ છે, પણ કેટલો જથ્થો ખરીદવામાં આવશે તે સ્પષ્ટ નથી. ખેડૂતોએ ટ્રાન્સપોર્ટ ખર્ચ વધવાની ભીતિ વચ્ચે પૂરેપૂરો જથ્થો ખરીદવા અપીલ કરી છે.**

# વડાલીમાં 'તેરા તુજકો અર્પણ': 12.50 લાખનો મુદ્દામાલ માલિકોને સોંપાયો

## વડાલીમાં 12.50 લાખનો મુદ્દામાલ પરત અને લોક દરબાર યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** વડાલી પોલીસ સ્ટેશનના વાર્ષિક નિરીક્ષણ નિમિત્તે સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પાર્થરાજસિંહ ગોહિલે પોલીસની કામગીરીની સમીક્ષા કરી લોક સંપર્કનો નવતર અભિગમ અપનાવ્યો હતો. આ મુલાકાત દરમિયાન વડાલી પોલીસ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલી કામગીરી અને કાયદાકીય રેકોર્ડ્સની ચકાસણી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ વડાલી પોલીસ સ્ટેશનના રેકોર્ડ મેન્ટેનન્સ અને ડિટેક્શનની કામગીરીને સંતોષકારક ગણાવી પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમનો સૌથી સંવેદનશીલ ભાગ 'તેરા તુજકો અર્પણ' અભિયાન રહ્યો હતો. જેમાં ચોરી કે છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને તેમનો ૧૨.૫૦ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ પરત સોંપવામાં આવ્યો હતો. લોકોએ પોતાના મોંઘા મોબાઈલ ફોન અને ચોરાયેલી રોકડ રકમ પરત મેળવી પોલીસ તંત્રનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમ બાદ વડાલી APMC ખાતે તાલુકાના તમામ સમાજના આગેવાનો અને નગરજનોની હાજરીમાં લોક દરબારનું આયોજન કરાયું હતું. લોક દરબારમાં ટ્રાફિકની સમસ્યા, રખડતા ઢોર અને ગ્રામ્ય વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવા જેવી રજૂઆતો કરવામાં આવી હતી, જેના પર પોલીસ વડાએ ત્વરિત પગલાં લેવાની ખાતરી આપી હતી. નિરીક્ષણ દરમિયાન પોલીસ અધિકારીઓને કેટલાક ટેકનિકલ સૂચનો પણ આપવામાં આવ્યા હતા. જેમાં સાયબર ક્રાઈમના કેસોમાં ટેકનિકલ સર્વેલન્સ વધારવા, ટ્રાફિક મેનેજમેન્ટને વધુ સુદ્રઢ બનાવવા અને ખાસ કરીને અસામાજિક તત્વોની ગતિવિધિઓ પર નજર રાખવા માટે યાદી અપડેટ કરવા જણાવાયું હતું. પોલીસ વડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશનની કામગીરી ત્યારે જ સફળ ગણાય જ્યારે સામાન્ય માણસ નિર્ભય બનીને રહી શકે. આ લોક દરબાર અને નિરીક્ષણ પ્રક્રિયાથી વડાલી પોલીસની પારદર્શિતા અને લોકો પ્રત્યેની ઉત્તરદાયિત્વમાં વધારો થયો છે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ

**સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા વડાલી પોલીસ સ્ટેશનની કામગીરીની વાર્ષિક સમીક્ષા કરવામાં આવી હતી. આ દરમિયાન 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ ચોરી કે ઠગાઈમાં ગુમાવેલા ૧૨.૫૦ લાખ રૂપિયાના મોબાઈલ અને રોકડ સહિતનો મુદ્દામાલ ગ્રાહકોને પરત સોંપાયો હતો. ત્યારબાદ વડાલી APMC ખાતે વિવિધ સમાજના આગેવાનોની હાજરીમાં લોક દરબાર યોજાયો હતો. જેમાં લોકોની સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન ટ્રાફિક અને સાયબર ક્રાઈમ અટકાવવા જરૂરી સૂચનો અપાયા હતા અને પોલીસની કામગીરીને સંતોષકારક ગણાવી હતી.**

# વડાલીના નાદરી ગામે યોજાયેલા રક્તદાન કેમ્પમાં ૩૫ યુનિટ રક્ત એકત્ર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના વડાલી તાલુકાના નાદરી ગામે "રક્તદાન એ જ મહાદાન" અભિયાનને વેગ આપતો એક સફળ કેમ્પ સંપન્ન થયો છે. આયુષ્માન આરોગ્ય કેન્દ્ર નાદરીના નેજા હેઠળ યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કુલ ૩૫ યુનિટ રક્ત અર્પણ કર્યું હતું. આ કેમ્પના આયોજન પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામ્ય વિસ્તારમાં રક્તદાન અંગેની ભ્રમણાઓ દૂર કરી લોકોમાં જાગૃતિ લાવવાનો અને મેડિકલ ઈમરજન્સીમાં દર્દીઓને લોહી ઉપલબ્ધ કરાવવાનો હતો. આરોગ્ય કર્મચારીઓની મહેનતથી નાદરીના યુવાનોમાં રક્તદાન પ્રત્યે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. CHO હિરલબેન અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલા પ્રેરણાદાયી પ્રયાસોને કારણે ગામમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં રક્તદાતાઓ આગળ આવ્યા હતા. નાદરી ગામ દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસને વડાલી તાલુકાના અન્ય ગામો માટે માર્ગદર્શક ગણવામાં આવી રહ્યો છે. રક્તદાન કરવા આવેલા રક્તદાતાઓએ જણાવ્યું હતું કે, રક્તદાન કરવાથી શરીરને કોઈ નુકસાન થતું નથી, ઉલટું આપણે કોઈનો જીવ બચાવવાનું પુણ્ય કાર્ય કરીએ છીએ. આરોગ્ય વિભાગ દ્વારા પણ નાદરીના રક્તદાતાઓ અને ગ્રામજનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય સ્તરે આવી સામાજિક પ્રવૃત્તિઓથી આરોગ્ય સેવાની ગુણવત્તા અને સમાજની એકતા વધુ મજબૂત બને છે.



રિપોર્ટ : સંજીવકુમાર શર્મા




# ચુવા: સગત માતાજી મંદિરમાં ચોરી, સોના-ચાંદીના દાગીના ગાયબ

**દૈનિક પલ્સ સમાચાર:** ધરણીધર તાલુકાના ચુવા ગામે આસ્થાનું કેન્દ્ર ગણાતા સગત માતાજીના મંદિરમાં તસ્કરોએ રાત્રિના સમયે ચોરી કરીને શ્રદ્ધાળુઓમાં ખળભળાટ મચાવ્યો છે. તસ્કર ટોળકી મંદિરના તાળા તોડીને માતાજીના કિંમતી સોના-ચાંદીના આભૂષણોની ચોરી કરી ફરાર થઈ ગઈ છે.

ઘટનાની વિગત મુજબ, મંદિરના પૂજારી તારાશંકર મહારાજ જ્યારે દરરોજની જેમ વહેલી સવારે પૂજા-આરતી કરવા માટે મંદિર પહોંચ્યા ત્યારે તેમને મુખ્ય પ્રવેશદ્વારના તાળા તૂટેલા જોવા મળ્યા હતા. અંદર જઈને જોતા માતાજીની મૂર્તિઓ પરથી આભૂષણો ગાયબ હતા અને દાનપેટી તેમજ અન્ય સરસામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. પૂજારીએ તુરંત જ ગામના અગ્રણીઓને બોલાવ્યા હતા અને નુકસાનની વિગતો તપાસી હતી.

આ તપાસમાં બહાર આવ્યું છે કે તસ્કરો માતાજીની સાત ચાંદીની નાની મૂર્તિઓ, સોનાની એક નથડી અને ચાંદીનું એક વિશાળ છત્ર ચોરી ગયા છે. આ સિવાય પણ મંદિરમાંથી કેટલીક રોકડ રકમ ચોરાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. ચોરીની પદ્ધતિ જોતા એવું લાગે છે કે તસ્કરોએ અગાઉ મંદિરની રેકી કરી હશે અને તેમને આભૂષણો વિશે ચોક્કસ માહિતી હશે.

ગામ લોકોએ આ ઘટના અંગે તાત્કાલિક વાવ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળની મુલાકાત લઈને પંચનામું કર્યું હતું અને પૂજારી તેમજ સાક્ષીઓના નિવેદન નોંધ્યા હતા. આસપાસના વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ કરનારા લોકોની પૂછપરછ શરૂ કરવામાં આવી છે. ચુવા ગામ અને આસપાસના પંથકમાં મંદિરમાં થયેલી આ ચોરી ચર્ચાનો વિષય બની છે. ગ્રામજનોએ માંગ કરી છે કે પોલીસ રાત્રિ પેટ્રોલિંગ સઘન બનાવે અને માતાજીના આભૂષણો ચોરનારા શખ્સોને વહેલી તકે જેલના સળિયા પાછળ ધકેલે. હાલમાં પોલીસે આ મામલે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વિવિધ દિશાઓમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.


રીપોર્ટ : વશાભાઈ વાલડીયા




# ઈડરમાં માતૃભાષા સપ્તાહ નિમિત્તે ભવ્ય કવિ સંમેલન અને મહિમાગાન યોજાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ઈડરની ધરા પર માતૃભાષાના જતન અને સંવર્ધન માટે 'માતૃભાષા સપ્તાહ મહોત્સવ' અંતર્ગત રવિવારની સાંજે કવિતાઓની મહેફિલ જામી હતી. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને સમ્યક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત આયોજનમાં ઈડર આંજણા પાટીદાર આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે કવિ સંમેલન યોજાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં અકાદમીના અધ્યક્ષ ડૉ. ભાગ્યેશ જહાએ ઓડિયો-વિડિયો સંદેશ દ્વારા માતૃભાષાના મહત્વ પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અશ્વિનભાઈ પટેલ (પ્રમુખ, ઉત્તર સાબરકાંઠા કેળવણી મંડળ) અને અતિથિ વિશેષ તરીકે અનસુયાબહેન ગામેતી તથા હેતભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતા. કાવ્ય મંચ પરથી ભરત ભટ્ટ 'પવન', ડૉ. નિષાદ ઓઝા 'અમન', ડૉ. મહેન્દ્ર પરમાર 'ફોરમ' અને સંદીપ પટેલ 'કસક' જેવા સમર્થ કવિઓએ માતૃભાષાના મહિમાનું ગાન કરતી ગઝલો અને કાવ્યો રજૂ કર્યા હતા. સભાખંડમાં મોટી સંખ્યામાં હાજર સાહિત્યરસિકો કવિતાના પ્રવાહમાં તરબોળ થયા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન જાણીતા સાહિત્યકાર ડૉ. કુમાર જૈમિનિ શાસ્ત્રીએ કર્યું હતું અને સંયોજક તરીકે ડૉ. ઉત્પલકુમાર કુલકર્ણીએ જવાબદારી નિભાવી હતી. માતૃભાષા પ્રત્યેની આ શ્રદ્ધાંજલિ અને ઉત્સવમાં હાજર રહેલા સૌ કોઈએ પોતાની ભાષા પ્રત્યે ગૌરવની અનુભૂતિ કરી હતી. આ કવિ સંમેલન ઈડરના સાંસ્કૃતિક ઇતિહાસમાં એક મહત્વનું સંસ્મરણ બની રહેશે.



રિપોર્ટ : વિશાલ ચૌહાણ

# સાબરકાંઠાના બેરણા ગામે રક્તદાન કેમ્પમાં ૭૧ યુનિટ લોહી એકત્ર કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં "રક્તદાન મહાદાન" ના સૂત્રને ચરિતાર્થ કરતા બેરણા ગામે સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાયો હતો. હિંમતનગર તાલુકાના આ ગામમાં યોજાયેલા કેમ્પમાં યુવાનો અને ગ્રામજનોએ સામાજિક જવાબદારી સમજીને ૭૧ યુનિટ રક્તદાન કર્યું હતું. જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરાની સૂચનાથી આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં રક્તની ઉપલબ્ધતા વધારવા માટે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ કેમ્પમાં હિંમતનગર જી.એમ.એ.આર.એસ. મેડિકલ કોલેજની બ્લડ બેંક અને જાયન્ટ્સ ગ્રુપ સહિયરનો મહત્વનો સહયોગ રહ્યો હતો. આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, જિલ્લામાં રક્ત સંગ્રહની સ્થિતિ ખૂબ જ સંતોષકારક છે. છેલ્લા ૧૦ મહિનામાં જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં ૪૧૩ જેટલા કેમ્પો યોજાયા છે, જેના દ્વારા ૧૩,૬૦૯ યુનિટ રક્તની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રક્તદાન અભિયાનને કારણે જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં થેલેસેમિયા પીડિતો, સગર્ભા મહિલાઓ અને અકસ્માતના દર્દીઓને સમયસર લોહી મળી રહે છે. કાર્યક્રમ દરમિયાન મેડિકલ ઓફિસર ડો. કશ્યપ અને આરોગ્ય કર્મચારીઓએ રક્તદાન અંગે ફેલાયેલી ભ્રમણાઓ દૂર કરી હતી. મહાનુભાવોએ જણાવ્યું હતું કે એક યુનિટ રક્ત ત્રણ વ્યક્તિના જીવ બચાવી શકે છે. બેરણાના ગ્રામજનોના આ સેવાકીય કાર્યને સમગ્ર જિલ્લામાં બિરદાવવામાં આવ્યું છે.


રિપોર્ટ : સંજીવકુમાર શર્મા

# રાજકોટ: PGVCLની કડક વસૂલાત અને એશિયાનો સૌથી મોટો કેટલ શો

## રાજકોટ ન્યૂઝ: PGVCL વીજ કાપ ઝુંબેશ અને ઈન્ડિયન કેટલ શો પ્રારંભ




**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટમાં આજે વહીવટી તંત્રની કડકાઈ અને વિકાસલક્ષી કાર્યક્રમોનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. સૌ પ્રથમ, PGVCL દ્વારા ૨૫ ફેબ્રુઆરીએ સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ સર્કલમાં વસૂલાત માટે આક્રમક 'ડિસકનેક્શન ઝુંબેશ' હાથ ધરવામાં આવશે. ૪.૪૩ લાખથી વધુ ગ્રાહકોએ બિલ ચૂકવ્યા નથી, જેમાં જામનગર અને કચ્છ સૌથી વધુ બાકી રકમ ધરાવે છે. રાજકોટમાં પણ રૂ. ૬૬ કરોડના લેણાં હોવાથી ૧ લાખથી વધુ બાકી રકમ ધરાવતા ગ્રાહકોના જોડાણો કાપવામાં આવશે. બીજી તરફ, પશુપાલન ક્ષેત્રે રાજકોટના નામે એક વધુ સિદ્ધિ નોંધાઈ છે. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે એશિયાના સૌથી મોટા 'ઈન્ડિયન કેટલ શો'નો રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા પ્રારંભ કરાયો હતો. રાજ્યપાલે ગીર ગાયનું પૂજન કરીને પશુપાલકોને પ્રાકૃતિક ખેતી અને ગૌવંશ સંવર્ધન માટે આહવાન કર્યું હતું. આ તકે આગામી બે વર્ષમાં રાજકોટમાં અત્યાધુનિક DNA રિસર્ચ લેબોરેટરી સ્થાપવાની ઘોષણા કરવામાં આવી હતી.

શહેરના આયોજિત વિકાસ માટે 'રૂડા' (RUDA) ની ૧૮૦મી બેઠકમાં મહત્વના નિર્ણયો લેવાયા હતા. ચેરમેન તુષાર સુમેરાની આગેવાનીમાં પાળ વિસ્તારની બે નવી ટીપી સ્કીમો અને 'રૂડા-૨૦૪૭' ના વિઝન ડોક્યુમેન્ટ માટે એજન્સીની નિમણૂકને મંજૂરી અપાઈ હતી. જોકે, આ તમામ સમાચારો વચ્ચે ગોંડલ રોડ પર બનેલી એક દુર્ઘટનાએ ભયનો માહોલ સર્જ્યો હતો. નિર્માણાધીન બ્રિજના લોખંડના સળિયાનું વિશાળ સ્ટ્રક્ચર અચાનક સર્વિસ રોડ તરફ નમી પડ્યું હતું. સદનસીબે તે સમયે કોઈ વાહન પસાર થઈ રહ્યું ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. પરંતુ આ ઘટનાએ નિર્માણ કાર્યની ગુણવત્તા અને સુરક્ષાના માપદંડો સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. તંત્ર દ્વારા હાલ કામગીરી અટકાવીને સળિયા હટાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આમ, રાજકોટમાં આજે ઉત્સાહ, આયોજન અને અકસ્માતના મિશ્ર સમાચારો જોવા મળ્યા

**રાજકોટમાં વહીવટી અને સાંસ્કૃતિક ગતિવિધિઓ તેજ બની છે. PGVCL દ્વારા આગામી બુધવારે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૪.૪૩ લાખ ગ્રાહકો સામે વીજ જોડાણ કાપવાની ઝુંબેશ શરૂ કરાશે. બીજી તરફ, રેસકોર્સમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે એશિયાના સૌથી મોટા 'ઈન્ડિયન કેટલ શો'નું ઉદ્ઘાટન કરી ગૌસંવર્ધન પર ભાર મૂક્યો હતો. શહેરી વિકાસની વાત કરીએ તો, રૂડાની ૧૮૦મી બેઠકમાં પાળ વિસ્તારની બે નવી નગર રચના યોજનાઓને બહાલી અપાઈ છે. જોકે, ગોંડલ રોડ પર નિર્માણાધીન બ્રિજના સળિયા પડવાની ઘટનાએ સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા છે.**

# સાબરકાંઠામાં ડિજિટલ ક્રોપ સર્વેની ચકાસણી માટે હવે AI બોટનો ઉપયોગ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લામાં ખેતીવાડી વિભાગ દ્વારા ડિજિટલ ક્રોપ સર્વેની કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. ભારત સરકારની એગ્રીસ્ટેક યોજના હેઠળ ખેતી ક્ષેત્રે ડેટાની પારદર્શિતા અને ચોકસાઈ લાવવા માટે હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) નો સહારો લેવામાં આવી રહ્યો છે. આ નવી સિસ્ટમ હેઠળ, પાક વેરિફિકેશનની પ્રક્રિયા ઓટોમેટેડ બોટ દ્વારા કરવામાં આવશે, જે ખેડૂતો માટે પણ સરળ રહેશે. જિલ્લામાં રવિ ઋતુમાં થયેલા પાક સર્વેની માહિતી ચકાસવા માટે ખેડૂતોને ઓટોમેટેડ વોઈસ કોલ અથવા વોટ્સએપ મેસેજ મોકલવામાં આવશે. આ પ્રક્રિયામાં ખેડૂતો પાસેથી તેમના ખેતરમાં વાવેલા પાકની વિગતોની ખાતરી કરવામાં આવશે. સર્વેયરો દ્વારા ખેતરોની મુલાકાત લઈને જીઓ-ટેગિંગ સાથે જે મોબાઈલ એપ્લિકેશનમાં ડેટા એન્ટ્રી કરવામાં આવી હતી, તેની આખરી ચકાસણી આ ટેકનોલોજી દ્વારા થશે. નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) એ ખેડૂતોને અપીલ કરી છે કે આ ડિજિટલ અભિયાનમાં સહયોગ આપી સરકારી પ્રક્રિયા પ્રત્યે જાગૃત રહે. ખેડૂતોએ મળતા કોલ કે મેસેજનો સાચો પ્રતિસાદ આપવો જેથી ડેટામાં કોઈ ભૂલ ન રહે. જો ખેતીની વિગતો સચોટ હશે તો ભવિષ્યમાં પાક વીમો, સબસિડી કે અન્ય કૃષિ યોજનાઓના લાભો ખેડૂતો સુધી ઝડપથી પહોંચશે. કોઈપણ અફવા કે ખોટી માહિતીથી ભરમાયા વગર આ આધુનિક વ્યવસ્થાનો સ્વીકાર કરવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે.



રિપોર્ટ : સંજીવકુમાર શર્મા

**સાબરકાંઠા જિલ્લામાં એગ્રીસ્ટેક યોજના હેઠળ હવે AI બોટ દ્વારા પાક સર્વેની ચકાસણી થશે. ખેડૂતોને ઓટોમેટેડ કોલ કે વોટ્સએપ દ્વારા મેસેજ મળશે, જેમાં તેમને પાકની વિગતોની ખરાઈ કરવાની રહેશે. આ ટેકનોલોજીથી કૃષિ ડેટામાં વધુ પારદર્શિતા આવશે.**




## રાજકોટ મેયરના પતિને TPની નોટિસ: બાંધકામ પર વિવાદ ગરમાયો


રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના પતિ વિનોદભાઈ પેઢડીયા દ્વારા સંત કબીર રોડ પર આવેલી શિવશક્તિ સોસાયટીમાં કરવામાં આવેલા બાંધકામે રાજકીય ગરમાવો લાવી દીધો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીપી શાખાએ આ બાંધકામ સૂચિત જમીન પર અને પ્લાન મંજૂરી વગરનું હોવાના આક્ષેપ સાથે નોટિસ ફટકારી કામ અટકાવી દીધું છે. આ પ્રકરણમાં શહેર ભાજપ પ્રમુખ માધવ દવેએ સંગઠનનો પક્ષ રાખતા જણાવ્યું હતું કે, પક્ષ કોઈ પણ ગેરકાયદે પ્રવૃત્તિને પ્રોત્સાહન આપશે નહીં. જો બાંધકામ નિયમ વિરુદ્ધ જણાશે તો તંત્રની કાર્યવાહીમાં પક્ષ દખલગીરી કરશે નહીં. મેયરે આ મિલકતને પોતાની વારસામાં મળેલી મિલકત ગણાવી છે અને તમામ દસ્તાવેજો રજૂ કરવાની ખાતરી આપી છે. નોંધનીય છે કે, મેયર આજે ભાજપની સંકલન સમિતિની બેઠકમાં પણ ગેરહાજર રહ્યા હતા, જે બાદ અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. હવે આ મામલે ટીપી શાખાના અંતિમ નિર્ણય બાદ જ પક્ષ સ્તરે શિસ્તભંગની વિચારણા કરવામાં આવશે.

## રાજકોટના છૂટાછેડા કેસમાં હાઇકોર્ટે પત્નીને નોટિસ પાઠવી.

ગુજરાત હાઈકોર્ટમાં રાજકોટની ફેમિલી કોર્ટના એક હુકમને પડકારતી અરજી કરવામાં આવી છે. કેસની વિગત મુજબ, અરજદારના લગ્ન 2013માં થયા હતા અને 2016માં બંનેએ પરસ્પર સંમતિથી રજીસ્ટર ડીડ દ્વારા છૂટાછેડા લીધા હતા. કાયદાકીય માન્યતા મેળવવા અરજદારે ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી, પરંતુ ફેમિલી કોર્ટે 'સમાજમાં છૂટાછેડાનો રિવાજ નથી' તેવા તારણ સાથે અરજી ફગાવી દીધી હતી. અરજદારે હાઈકોર્ટમાં રજૂઆત કરી છે કે તેની પત્ની છેલ્લા 10 વર્ષથી અલગ રહે છે અને તેનો કોઈ સંપર્ક નથી. જૂનાગઢમાં રહેતી પત્નીને શોધવા માટે અખબારોમાં જાહેરખબર આપી હોવા છતાં તેનો પત્તો લાગ્યો નથી. હાઈકોર્ટે આ બાબતની ગંભીરતાથી નોંધ લેતા જણાવ્યું કે હિન્દુ મેરેજ એક્ટ 1955 હેઠળ પણ જો સમાજમાં પ્રચલિત રિવાજ હોય તો છૂટાછેડા થઈ શકે છે. હાઈકોર્ટે હવે પત્નીને શોધવા માટે પ્રયાસ કરવા જણાવ્યું છે અને લાપતા પત્નીના કેસમાં નોટિસ કાઢીને આગામી 27 માર્ચના રોજ વધુ સુનાવણી મુકરર કરી છે.

## અમદાવાદ: ગીતા મંદિર પાસે રાજકોટના યુવકની લૂંટ, 3 ઝડપાયા

અમદાવાદમાં મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉઠાવતી ઘટના સામે આવી છે. રાજકોટમાં ખાનગી કંપનીમાં નોકરી કરતો સિફતેનરઝા શોહરવદી નામનો યુવક કામ અર્થે સિધ્ધપુર ગયો હતો. ત્યાંથી પરત ફરતી વખતે ગીતા મંદિર બસ સ્ટેન્ડ પાસે રાત્રિ રોકાણ માટે હોટલ શોધી રહ્યો હતો. આ દરમિયાન એક શખ્સે તેની પાસે આવી 10 રૂપિયા માંગી ચપ્પુ બતાવ્યું હતું. ગણતરીની મિનિટોમાં રિક્ષામાં અન્ય ત્રણ શખ્સો આવ્યા અને યુવકનું અપહરણ કરી તેને રિક્ષામાં બેસાડી દીધો હતો.
લૂંટારુઓ યુવકને કાંકરિયા તરફ અંધારામાં લઈ ગયા હતા અને તેની પાસેથી મોબાઈલ, 15 હજાર રોકડા અને 40 અમેરિકન ડોલર મળી કુલ 40 હજારની લૂંટ ચલાવી હતી. લૂંટ બાદ આરોપીઓ યુવકને અંધારામાં ઉતારીને નાસી ગયા હતા. યુવકે આ અંગે કાગડાપીઠ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી હતી. ઝોન-6 એલસીબીની ટીમે રિક્ષાના નંબરના આધારે તપાસ કરી 24 કલાકમાં જ ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે ચોથા આરોપીની શોધખોળ હજુ ચાલુ છે.




# શામળાજી-મોટા ચિલોડા હાઈવે પર મજરા પાસે ફ્લાયઓવરનું સમારકામ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મજરા ગામ નજીક નેશનલ હાઈવે પર આવેલા ફ્લાયઓવર પર વહીવટી તંત્ર દ્વારા સમારકામની કામગીરી શરૂ કરવામાં આવી છે. શામળાજીથી મોટા ચિલોડા હાઈવે પર કિલોમીટર 524+241 પાસે આ ફ્લાયઓવર આવેલો છે, જેમાં કેટલીક માળખાકીય ક્ષતિઓ જોવા મળતા સલામતીના કારણોસર સમારકામ અનિવાર્ય બન્યું છે. ફ્લાયઓવર પર નવી આર.ઇ. પેનલ્સ સ્થાપિત કરવાની હોવાથી, મુખ્ય માર્ગ (MCW) તથા સર્વિસ રોડ પર જમણી બાજુની વાહન અવરજવર તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે. ટ્રાફિક જામની સ્થિતિ ન સર્જાય અને વાહનોનું સંચાલન સુચારૂ રીતે થાય તે માટે ટ્રાફિકને અન્ય માર્ગો પર ડાયવર્ટ કરવામાં આવ્યો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા દ્વારા મુસાફરોની સુરક્ષા માટે આ અંગેનું જાહેરનામું અમલી બનાવવામાં આવ્યું છે. વાહનચાલકોને ખાસ સૂચના આપવામાં આવી છે કે તેઓ આ વિસ્તારમાંથી પસાર થતી વખતે સંપૂર્ણ સાવચેતી રાખે. હાઈવે પર મૂકવામાં આવેલા ડાયવર્ઝનના બોર્ડ અને ફરજ પરના પોલીસ કર્મચારીઓના સૂચનોનું કડકપણે પાલન કરવું જરૂરી છે. મુસાફરોને અસુવિધા ટાળવા અને અકસ્માતથી બચવા માટે ગતિ મર્યાદામાં વાહન હંકારવા અપીલ કરાઈ છે. સમારકામની કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ડાયવર્ઝન વ્યવસ્થા અમલમાં રહેશે, તેથી લાંબા અંતરના મુસાફરોને વધારાનો સમય લઈને નીકળવા સલાહ આપવામાં આવે છે.



રિપોર્ટ : સંજીવકુમાર શર્મા

# બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન આહવા ખાતે ફાસ્ટ ફૂડ તાલીમ યોજાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** આહવા ખાતે કાર્યરત બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા ગ્રામીણ બહેનોને પગભર કરવા માટે એક નવી પહેલ કરવામાં આવી છે. બેન્ક ઓફ બરોડા સંચાલિત આ સંસ્થાએ તાજેતરમાં ડાંગ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સહયોગથી ૧૨ દિવસીય 'ફાસ્ટ ફૂડ તાલીમ' સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ કાર્યક્રમમાં જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી ૨૪ મહિલાઓએ ભાગ લીધો હતો. તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને આધુનિક વાનગીઓ બનાવતા શીખવીને તેમને પોતાનો નાનો વ્યવસાય શરૂ કરવા માટે સક્ષમ બનાવવાનો હતો. નિષ્ણાત ટ્રેનરો દ્વારા બહેનોને પાણી-પૂરી, દહી-પૂરી, સેન્ડવિચ, બર્ગર, પાવભાજી, નૂડલ્સ, પીઝા અને મોમોસ જેવી લોકપ્રિય વાનગીઓ બનાવવાનું તાલીમબદ્ધ કરવામાં આવી હતી. આ ઉપરાંત, બહેનોને બેન્કિંગ લોન, વીમા યોજનાઓ અને પેન્શન જેવી પાયાની નાણાકીય માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. પ્રમાણપત્ર વિતરણ સમારોહમાં DRDA વિભાગના APM સતિષભાઇએ ખાસ ઉપસ્થિત રહીને બહેનોને વ્યવસાયિક સૂઝ અને ઓનલાઈન માર્કેટિંગના ફાયદા સમજાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ફાસ્ટ ફૂડનો વ્યવસાય હાલમાં ખૂબ જ તેજીમાં છે અને યોગ્ય ગુણવત્તા સાથે બહેનો આ ક્ષેત્રમાં સારી કમાણી કરી શકે છે. અંતમાં, તમામ સફળ તાલીમાર્થી બહેનોને સંસ્થા તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા, જે તેમને ભવિષ્યમાં બેન્ક લોન મેળવવામાં પણ મદદરૂપ થશે.


રિપોર્ટ : મકવાણા પ્રિતેનકુમાર

# ભરૂચમાં સીઝરોનો આતંક: નકલી પોલીસ બની ધમકાવતા યુવકનું મોત

## ભરૂચ: નકલી પોલીસના ડરથી નિર્દોષ યુવકનું હાર્ટ એટેકથી મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ભરૂચ શહેરના ભોલાવ વિસ્તારમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર જિલ્લામાં આક્રોશની જ્વાળા ભડકાવી છે. સીઝરો દ્વારા પોલીસની ખોટી ઓળખ આપીને નિર્દોષ નાગરિકને મોતના મુખમાં ધકેલી દેવાની આ ઘટના પ્રશાસન માટે શરમજનક છે. ૪૩ વર્ષીય ઉર્વીશ મોદી રહાડપોર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટના સામાન્ય બહાના હેઠળ કેટલાક અસામાજિક તત્વોએ તેમને આંતરીને ધમકાવ્યા હતા. આ શખ્સોએ પોતે પોલીસ હોવાનું કહી એટલી હદે દાદાગીરી કરી કે ઉર્વીશભાઈ માનસિક રીતે ભાંગી પડ્યા અને ઘટનાસ્થળે જ હાર્ટ એટેકથી તેમનું મોત થયું. આ ઘટના સીઝરોના નામે ચાલતી ગુંડાગીરીનો પુરાવો છે. શું ભરૂચમાં પોલીસનું કોઈ અસ્તિત્વ છે ખરું? કે પછી રસ્તા પર ઉભા રહેતા સીઝરો જ હવે ન્યાયધીશ અને પોલીસ બની ગયા છે? મૃતક ઉર્વીશભાઈના પરિવારે આક્ષેપ કર્યો છે કે સીઝરોએ તેમની સાથે ગુનેગાર જેવું વર્તન કર્યું હતું, જેના કારણે તેઓ ગભરાઈ ગયા હતા. ભરૂચ પોલીસ સામે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે કે સામાન્ય જનતાને આવા નકલી પોલીસોથી સુરક્ષા કોણ આપશે? લોકોમાં ભારે રોષ છે અને માંગ ઉઠી છે કે આ અસામાજિક તત્વોને તાત્કાલિક જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે. જો વરદીની ગરિમા લજવતા આવા તત્વો સામે કડક પગલાં નહીં લેવાય, તો ભવિષ્યમાં કોઈ પણ નિર્દોષ નાગરિક આ રીતે ભોગ બની શકે છે. ઉર્વીશ મોદીના મોતે ભરૂચ પોલીસની કાર્યશૈલી પર કાળી ટીલી લગાવી છે. પરિવાર હવે ન્યાયની આશામાં છે, પરંતુ શું ભ્રષ્ટ સિસ્ટમ આ સીઝરો સામે લાલ આંખ કરશે? આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ કરી જવાબદારો પર માનવવધનો ગુનો નોંધવો જોઈએ તેવી લોકમાંગ પ્રબળ બની છે.




**ભરૂચના ભોલાવ વિસ્તારમાં સીઝરોની હેવાનિયતે એક હસતા-રમતા પરિવારનો માળો વિખેરી નાખ્યો છે. એક્ટિવા પર જઈ રહેલા ઉર્વીશ મોદીને રહાડપોર રોડ પર આંતરીને સીઝરોએ 'નકલી પોલીસ' બની નંબર પ્લેટ મુદ્દે ધમકાવ્યા હતા. આ અસામાજિક તત્વોની દાદાગીરીથી ઉર્વીશભાઈ એટલી હદે ગભરાઈ ગયા કે તેમને ઘટનાસ્થળે જ હાર્ટ એટેક આવી ગયો. પ્રશાસનની આંખ નીચે ચાલતી આ ગુંડાગીરીએ એક નિર્દોષનો જીવ લીધો છે. શું પોલીસ હવે જાગશે કે પછી આવા 'વરદીધારી' લુખ્ખાઓ જ રસ્તા પર રાજ કરશે?**

# ગારીયાધારમાં થયેલી લાખોના કલરની ચોરીનો ભેદ ઉકેલાયો, ૬ ધરપકડ

**દૈનિક પલ્સ સમાચાર:** ગારીયાધાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત 17 ફેબ્રુઆરીના રોજ થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી પોલીસે મોટી સફળતા હાંસલ કરી છે. શાલિમાર પેઈન્ટ્સના ગોડાઉનમાંથી મોંઘાદાટ બ્રાન્ડેડ કલરની ચોરી થતા વેપારી આલમમાં ચિંતા પ્રસરી હતી. આ કેસના ઉકેલ માટે ભાવનગર જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેના માર્ગદર્શન હેઠળ ખાસ ટીમ બનાવવામાં આવી હતી.

પોલીસ ટીમે જૂના ગુનેગારોના રેકોર્ડ અને સીસીટીવી તપાસતા ચોક્કસ કડીઓ મળી હતી. બાતમી મળી હતી કે અગાઉ લૂંટના ગુનામાં સંડોવાયેલ સરફરાઝ ઉર્ફે સક્કુ આ ચોરીમાં સામેલ છે. જેના આધારે પોલીસે સરફરાઝ ગોહિલ, આદિલ મેહતર, સાહિલ ચૌહાણ, કાર્તિક ચૌહાણ અને પિયુષ પરમારની ધરપકડ કરી છે. આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેઓએ ચોરીનો સામાન રાજકોટના સરધાર ગામે સંતાડ્યો હતો. પોલીસે દરોડા પાડીને ત્યાંથી ₹4.92 લાખની કિંમતના વિવિધ બ્રાન્ડના 120 કલરના બકેટ કબજે કર્યા છે. આ ઉપરાંત ચોરીમાં વપરાયેલ ₹4 લાખની બોલેરો ગાડી, ₹95,000 રોકડ અને પાંચ મોબાઈલ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

આમ, કુલ ₹10.12 લાખનો મુદ્દામાલ રિકવર કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં સાહિલ કુરૈશી નામનો આરોપી હાલ ફરાર છે, જેને પકડવા પોલીસની અલગ-અલગ ટીમો તપાસ કરી રહી છે.







## ભાવનગર: પૈસાની લેતીદેતીમાં યુવકની હત્યા, બે સામે ગુનો

ભાવનગરના દરબારી કોઠાર વિસ્તારમાં જૂની અદાવત અને નાણાકીય લેતી-દેતીમાં એક યુવકની કરુણ હત્યા કરવામાં આવી છે. મૃતક હુસેન પઠાણ અને તેનો ભાઈ મોહસીન હાજર હતા તે દરમિયાન સોહિલ અને સોએબ નામના બે શખ્સો છરી સાથે ત્યાં ધસી આવ્યા હતા. મોબાઈલ અને પૈસાના વિવાદમાં આરોપીઓએ હુસેન પર છરીના ઊંડા ઘા ઝીંકી દીધા હતા. હુમલા બાદ લોહીલુહાણ હાલતમાં હુસેનને તાત્કાલિક સર ટી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ થતા જ સિટી DYSP સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, હુમલાખોરો હુસેનને ગંભીર ઈજા પહોંચાડી ફરાર થઈ ગયા હતા. હાલમાં મૃતકના ભાઈની ફરિયાદ લેવાની તજવીજ ચાલુ છે. પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે નાકાબંધી કરી છે અને આસપાસના વિસ્તારમાં પૂછપરછ શરૂ કરી છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

## ભાવનગર: સીતારામ હોસ્પિટલના મેડિકલ સ્ટોરમાં વિકરાળ આગ

ભાવનગર શહેરના શિવાજી સર્કલ વિસ્તારમાં સીતારામ જનરલ હોસ્પિટલના સંકુલમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની વિગત મુજબ, હોસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી હસ્તી મેડિકલ એજન્સીમાં ગતરાત્રે અચાનક વિકરાળ આગ લાગી હતી. આ આગ એટલી ભીષણ હતી કે તેની અસરો પાછળના ક્લિનિક સુધી પણ પહોંચી હતી. આ બનાવ અંગે ફાયર કંટ્રોલરૂમને જાણ થતા જ પૂર્વ ઝોનલ અને હેડ ક્વાર્ટરની ટીમ તાત્કાલિક રવાના થઈ હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવી એક કલાકની જહેમત બાદ આગને પૂર્ણપણે શાંત કરી હતી. મેડિકલ સ્ટોરના માલિક વિજયભાઈ મકવાણાની દુકાન અને પાછળના ક્લિનિકમાં માલસામાનને નુકસાન પહોંચ્યું છે. સદનસીબે હોસ્પિટલમાં હાજર દર્દીઓ કે અન્ય કોઈને ઈજા પહોંચી નથી. આગ લાગવાનું પ્રાથમિક કારણ હજુ સુધી જાણી શકાયું નથી, જે અંગે તપાસ ચાલી.

## ભાવનગર: PM આવાસ યોજનામાં ચેકિંગ, 16 મકાનો સીલ કરાયા

ભાવનગર મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા આજે તરસમિયા રોડ પર પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સીલિંગની મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. તંત્ર દ્વારા હાથ ધરાયેલા સર્ચ ઓપરેશનમાં 33 આવાસોમાં ભાડુઆત મળી આવ્યા હતા. જે મકાન માલિકોએ સાત દિવસની મુદત બાદ પણ ભાડુઆત ખાલી કરાવ્યા નહોતા અને જરૂરી દસ્તાવેજો કે દંડની રકમ રજૂ કરી નહોતી, તેવા 16 આવાસોને મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે સીલ કર્યા છે.

તપાસમાં જાણવા મળ્યું હતું કે 92 આવાસો પૈકી 24 મકાનો તો લાંબા સમયથી બંધ હાલતમાં હતા. ટાઉન પ્લાનિંગ ઓફિસર એન.બી. વઢવાણિયાએ જણાવ્યું કે, ખરા અર્થમાં જરૂરિયાતમંદોને આવાસનો લાભ મળે તે માટે આ ચેકિંગ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જે 16 મકાનો સીલ કરાયા છે તેમને દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આગામી દિવસોમાં અન્ય આવાસ યોજનાઓમાં પણ આ પ્રકારે સર્ચ ચાલુ રાખવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે.




# આહવાના આંગણે યોજાનારા ઐતિહાસિક ડાંગ દરબારની તડામાર તૈયારીઓ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધરોહર સમાન 'ડાંગ દરબાર' મહોત્સવ હવે આંગણે આવી પહોંચ્યો છે ત્યારે ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આહવા ખાતે યોજાનારા આ ભાતિગળ મેળાના આયોજન સંદર્ભે જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાનના અધ્યક્ષ સ્થાને વિવિધ સમિતિઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેક્ટરશ્રીએ સ્પષ્ટ કર્યું હતું કે ડાંગ દરબાર એ માત્ર મેળો નથી પણ ડાંગની પરંપરાનું પ્રતીક છે, તેથી તેની ગરિમા જાળવવી અનિવાર્ય છે. તા. ૨૬ ફેબ્રુઆરી થી ૩ માર્ચ સુધી ચાલનારા આ મહોત્સવને વધુ આકર્ષક અને લોકભોગ્ય બનાવવા માટે કલેક્ટરે અધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકની વિશેષતા એ હતી કે તેમાં વાસુર્ણા, લીંગા અને દહેરના રાજવીઓ પણ સહભાગી થયા હતા. વહીવટી તંત્રે રાજવીઓ સાથે પરામર્શ કરી મેળાની પરંપરાગત વિધિઓ અને વ્યવસ્થા અંગે તેમના મંતવ્યો જાણ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે.એસ. વસાવા સહિતના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ટ્રાફિક નિયમન, પીવાના પાણીની વ્યવસ્થા, સાંસ્કૃતિક મંચ અને સફાઈ જેવી પાયાની સુવિધાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. ડાંગ દરબારમાં આવતા હજારો પ્રવાસીઓ અને સ્થાનિક આદિવાસી જનતાને કોઈ તકલીફ ન પડે તે માટે વિવિધ નોડલ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.




# ભાવનગર વંદે ભારત ટ્રેનથી વંચિત: સત્તાધિશો સામે ઉઠ્યા સવાલો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં રેલવેના આધુનિકીકરણની વાતો વચ્ચે ભાવનગર શહેર સાથે ઓરમાયું વર્તન કરવામાં આવી રહ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. રાજ્યભરમાં હાલ ૬ જેટલી વંદે ભારત ટ્રેનો દોડી રહી છે, જેનો લાભ ૨૦ શહેરોને મળી રહ્યો છે. કમનસીબી એ છે કે, ભાવનગર જેવું મોટું શહેર હજુ પણ આ હાઈ-સ્પીડ ટ્રેન સેવાથી વંચિત છે. વિપક્ષી નેતાઓએ આ મુદ્દે આક્રમક તેવર બતાવી સત્તાધિશો સામે સવાલોની ઝડી વરસાવી છે.

ભાવનગરના વેપારીઓ, ખાસ કરીને હીરા ઉદ્યોગ અને અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ સાથે જોડાયેલા લોકો માટે મુંબઈ અને સુરત સાથેનું જોડાણ અનિવાર્ય છે. છેલ્લા લાંબા સમયથી મુંબઈની ફ્લાઈટ સેવાઓ પણ બંધ હોવાને કારણે મુસાફરો રેલવે પર નિર્ભર છે. આવી સ્થિતિમાં વંદે ભારત ટ્રેન આશીર્વાદરૂપ બની શકે તેમ છે, છતાં રેલવે પ્રશાસન મૌન સેવીને બેઠું છે. સ્થાનિક નાગરિકોની વારંવારની રજૂઆતો છતાં કેન્દ્ર કે રાજ્ય સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. શું ભાવનગરના સાંસદો અને મંત્રીઓ રેલવે મંત્રાલયમાં પ્રભાવ પાડી શકવામાં નિષ્ફળ રહ્યા છે? આ સવાલ હવે દરેક ભાવેણાવાસીના મોઢે છે. રેલવે તંત્રની આ ઢીલી નીતિ અને સત્તાધિશોની ઉદાસીનતા ભાવનગરના વિકાસમાં આડખીલી બની રહી છે. જો આગામી સમયમાં વંદે ભારત ટ્રેનની ફાળવણી કરવામાં નહીં આવે તો આ આક્રોશ આંદોલનનું સ્વરૂપ ધારણ કરી શકે છે.




**ગુજરાતના ૨૦ શહેરો વંદે ભારત ટ્રેનથી ઝળહળી રહ્યા છે, ત્યારે ભાવેણાને અન્યાય કેમ? ગતિ અને સુવિધાના બણગા ફૂંકતી સરકાર ભાવનગરને ટ્રેન કનેક્ટિવિટી આપવામાં સદંતર નિષ્ફળ રહી છે, જેની સામે વિપક્ષે આકરા સવાલો ઉઠાવ્યા છે.**

# પચ્છેગામમાં મુરલીધર દાદાનો ભવ્ય પ્રવેશોત્સવ અને 551 કુંડી મહાયજ્ઞ




## પચ્છેગામમાં મુરલીધર દાદાનો ભવ્ય મંદિર પ્રવેશોત્સવ

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર જિલ્લાના પચ્છેગામમાં આગામી 22 ફેબ્રુઆરીથી ભક્તિ, ભોજન અને ભજનનો અદભુત ત્રિવેણી સંગમ રચાશે. સર્વ સમાજની આસ્થાના કેન્દ્ર સમાન ભગવાન મુરલીધર દાદાના નવનિર્મિત નિજમંદિરનો પ્રવેશોત્સવ 551 કુંડી વિષ્ણુયજ્ઞ અને ભાગવત સપ્તાહ સાથે ભવ્ય રીતે ઉજવવામાં આવશે. આ મંદિરનો ઇતિહાસ મહાભારત કાળ અને ગોહિલ વંશના શાસકો સાથે જોડાયેલો છે. દંતકથા મુજબ, સ્વયં શ્રીકૃષ્ણે અર્જુનને આપેલી આ મૂર્તિ સેજકજી ગોહિલના વંશજો દ્વારા પચ્છેગામ લાવવામાં આવી હતી. હવે, 4 વર્ષની મહેનત બાદ 9 કરોડના ખર્ચે તૈયાર થયેલું 81 ફૂટ ઊંચું લાલ પથ્થરનું મંદિર 'મિની દ્વારકા'ની ઓળખ પામ્યું છે. આ નવનિર્મિત મંદિરમાં ભગવાન મુરલીધર દાદા સોનાના સિંહાસન પર બિરાજમાન થશે અને મંદિરના કળશને પણ સુવર્ણથી મઢવામાં આવ્યો છે. મહોત્સવના આયોજન માટે 1800 વીઘા જમીન ફાળવવામાં આવી છે. પૂજ્ય રમેશભાઈ ઓઝા (ભાઈશ્રી) કથાનું રસપાન કરાવશે, જ્યારે 26 ફેબ્રુઆરીથી 1 માર્ચ સુધી 551 કુંડી વિષ્ણુ મહાયજ્ઞ યોજાશે. ખાસ કરીને 26મી ફેબ્રુઆરીએ ગધેથડ આશ્રમના લાલબાપુની ઉપસ્થિતિમાં 54 ગામોના લોકો હળીમળીને પ્રસાદ લેશે, જે દિવસે લાખો લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. વિશાળ રસોડામાં 50 જેટલી મોટી ચૂલાઓ પર અવિરત પ્રસાદ તૈયાર થશે. વ્યવસ્થા જાળવવા માટે રાજ્યભરના નામી આશ્રમોના 7000થી વધુ સ્વયંસેવકો તૈનાત રહેશે. 600 વીઘામાં પથરાયેલા પાર્કિંગમાં 50 હજારથી વધુ વાહનો સમાઈ શકશે. મનોરંજન અને ભક્તિ માટે રાત્રિના સમયે ડાયરાનું પણ આયોજન છે. પચ્છેગામના આગેવાનો અને યુવા શક્તિ ગ્રુપ દ્વારા આ ભવ્ય મહોત્સવનો લાભ લેવા માટે સમગ્ર ગુજરાતના ભાવિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ મહોત્સવ ગોહિલવાડના ધાર્મિક ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

**ગોહિલવાડના 'દ્વારકા' તરીકે જાણીતા પચ્છેગામમાં આગામી 22 ફેબ્રુઆરીથી 1 માર્ચ દરમિયાન ત્રિધિધ મહોત્સવનું આયોજન કરાયું છે. 9 કરોડના ખર્ચે રાજસ્થાની લાલ પથ્થરોથી નિર્મિત 81 ફૂટ ઊંચા ભવ્ય મંદિરમાં મુરલીધર દાદા સોનાના સિંહાસન પર બિરાજશે. મહોત્સવ દરમિયાન 551 કુંડી વિષ્ણુયજ્ઞ અને પૂજ્ય રમેશભાઈ ઓઝાની ભાગવત કથા યોજાશે. સાંજના સમયે માયાભાઈ આહીર અને કીર્તિદાન ગઢવી જેવા કલાકારો ડાયરાની રમઝટ બોલાવશે. 1800 વીઘામાં પથરાયેલા આ આયોજનમાં લાખો શ્રદ્ધાળુઓ માટે ભોજન-પ્રસાદની સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.**

# પાલીતાણામાં ઢેબરીયા મેળાને લઈ ટ્રાફિક વ્યવસ્થા માટે મહત્વનું જાહેરનામું

**દૈનિક પલ્સ સમાચાર:** જૈન સમાજના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાલીતાણામાં આગામી ઢેબરીયા તેરસના મેળાના સફળ આયોજન માટે વહીવટી તંત્રે કમર કસી છે. મેળા દરમિયાન હજારો શ્રદ્ધાળુઓના આગમનને કારણે વાહન વ્યવહાર સ્થગિત ન થાય અને અકસ્માતની કોઈ ઘટના ન બને તે માટે ટ્રાફિક વ્યવસ્થામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે.

ભાવનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર જાહેરનામા મુજબ, પાલીતાણાના છેલ્લા ચકલાથી લઈને શેત્રુંજય તળેટી સુધીના મુખ્ય જાહેર માર્ગને 'નો પાર્કિંગ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે. આ હુકમ ૨૭ ફેબ્રુઆરીથી ૧ માર્ચ, ૨૦૨૬ સુધીના ત્રણ દિવસ માટે અમલી રહેશે. આ માર્ગની બંને બાજુએ કોઈપણ પ્રકારના નાના કે મોટા વાહનો પાર્ક કરી શકાશે નહીં. તંત્રનો મુખ્ય ઉદ્દેશ્ય મુસાફરોની સુરક્ષા અને મેળાના સુચારુ સંચાલનનો છે. જાહેરનામાના અમલીકરણ માટે પોલીસ વિભાગને વિશેષ સત્તાઓ સોંપાઈ છે. ફરજ પરના કોઈપણ અધિકારી કે જેઓ હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય, તેઓ આ આદેશનું પાલન ન કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાત્મક પગલાં લઈ શકશે. યાત્રિકોએ ટ્રાફિક જામની સમસ્યાથી બચવા માટે પ્રશાસન દ્વારા નક્કી કરાયેલા પાર્કિંગ સ્થળોનો જ ઉપયોગ કરવાનો રહેશે. આ આદેશથી મેળાના દિવસોમાં તળેટી વિસ્તારમાં અવરજવર વધુ સરળ બનશે તેવી અપેક્ષા છે.



રિપોર્ટ : ઝીશાન ખૂંટ




# ભાવનગર-મુંબઈ ફ્લાઈટ માર્ચથી ફરી શરૂ થશે: જાણો વિગતો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગરના એર કનેક્ટિવિટીના પ્રશ્નોનું હવે સુખદ નિરાકરણ આવ્યું છે. છેલ્લા સાત-આઠ મહિનાથી બંધ પડેલી ભાવનગર-મુંબઈ ફ્લાઈટ સેવા માર્ચ ૨૦૨૬ થી પુનઃ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સેવા બંધ હોવાથી ભાવનગરના નાગરિકોને વાયા અમદાવાદ અથવા સુરત થઈને મુંબઈ જવું પડતું હતું, જે ખૂબ જ ખર્ચાળ અને સમય માંગી લેતી પ્રક્રિયા હતી. કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ ભાવનગરની જનતાની આ અગવડતાને ધ્યાને લઈને કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી સમક્ષ ધારદાર રજૂઆત કરી હતી. આ રજૂઆતના ફળસ્વરૂપે હવે માર્ચથી ભાવનગર એરપોર્ટ પર ફરી મુસાફરોની ચહલ-પહલ જોવા મળશે. મહત્વની વાત એ છે કે, આ વખતે મુસાફરોની સુવિધા માટે સવાર અને સાંજ એમ બે અલગ-અલગ સમયના ફ્લાઈટ ઓપ્શન્સ આપવામાં આવશે. આ ડબલ ફ્લાઈટ સુવિધાને કારણે વેપારીઓ સવારે મુંબઈ જઈને પોતાનું કામ પતાવી સાંજે પરત ફરી શકશે. ખાસ કરીને ડાયમંડ સિટી તરીકે ઓળખાતા ભાવનગરના વેપારીઓ માટે મુંબઈના વ્યવસાયિક સંબંધો અત્યંત ગાઢ છે, તેથી આ સેવા તેમના માટે વરદાન સાબિત થશે. એરપોર્ટ ઓથોરિટી અને એરલાઈન્સ કંપનીઓ દ્વારા આ અંગેની સત્તાવાર જાહેરાત અને બુકિંગની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.


રિપોર્ટ : ઝીશાન ખૂંટ

# પાલીતાણા ઢેબરીયા મેળામાં પ્રતિબંધ: પ્રશાસનનો આદેશ

**દૈનિક પલ્સ સમાચાર:** પાલીતાણા શેત્રુંજય ગીરીરાજ ખાતે જૈન સમાજનો પારંપરિક ઢેબરીયો મેળો યોજાવા જઈ રહ્યો છે, પરંતુ આ મેળાની આડમાં ખાદ્યચીજોના ગેરકાયદે વેચાણ અને ગંદકીના ગંભીર મુદ્દે પ્રશાસને પ્રતિબંધાત્મક પગલાં લેવાની ફરજ પડી છે. ૨૮ ફેબ્રુઆરી અને ૧ માર્ચ એમ બે દિવસ માટે ભાવનગર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કડક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તળેટીથી લઈને ગીરીરાજ ડુંગર સુધીના માર્ગો પર પ્લાસ્ટિકની કોથળીઓ, પાણીના પાઉચ, તમાકુ અને પાન-મસાલાના વેચાણ પર રોક લગાવાઈ છે. વહીવટી તંત્રનું કહેવું છે કે મેળા દરમિયાન થતા પ્લાસ્ટિક અને તમાકુના વપરાશથી જાહેર આરોગ્ય અને પર્યાવરણ પર વિપરીત અસર થાય છે. જોકે, ટીકાકારોનું માનવું છે કે તંત્ર માત્ર મેળાના સમયે જ જાગે છે, જ્યારે બાકીના દિવસોમાં ગેરકાયદે દબાણો અને ગંદકી સામે આંખ આડા કાન કરવામાં આવે છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ વિભાગને આ આદેશના કડક અમલીકરણ માટે સત્તા સોંપાઈ છે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે, જ્યારે હજારોની મેદની એકઠી થશે ત્યારે આટલા વિશાળ વિસ્તારમાં ચેકિંગ અને નિયમન કેવી રીતે શક્ય બનશે? શું પ્રશાસન પાસે પૂરતું સંખ્યાબળ છે કે પછી આ માત્ર એક વાર્ષિક રજૂઆત બનીને રહી જશે? : **ઝીશાન ખૂંટ**

# નીતિન નવીનનું અમદાવાદમાં સ્વાગત: રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે પ્રથમ મુલાકાત

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતની પવિત્ર ધરતી પર પધાર્યા છે. તેમના આ પ્રથમ પ્રવાસને લઈને ગુજરાત ભાજપમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અમદાવાદ એરપોર્ટ ખાતે એક વિશેષ સ્વાગત સમારોહ જેવું વાતાવરણ સર્જાયું હતું, જ્યાં રાજ્યના વહીવટી અને સંગઠન માળખાના ટોચના નેતાઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ પંચાલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વ્યક્તિગત રીતે એરપોર્ટ પર નીતિન નવીનજીનું અભિવાદન કર્યું હતું. આ તકે પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીની ઉપસ્થિતિ પણ નોંધનીય રહી હતી. એરપોર્ટ પર કરવામાં આવેલા આ ઉષ્માસભર સ્વાગત બાદ રાષ્ટ્રીય અધ્યક્ષનો કાફલો પ્રદેશ કાર્યાલય તરફ રવાના થયો હતો.

જાણકારોના મતે, નીતિન નવીનની આ મુલાકાત આગામી સમયમાં સંગઠનાત્મક માળખામાં ફેરફાર અને નવી વ્યૂહરચનાના ઘડતર માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે. ગુજરાત ભાજપના ગઢને વધુ મજબૂત કરવા અને કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર વચ્ચેના સંકલનને વધુ ગાઢ બનાવવા માટે આ મુલાકાત દરમિયાન શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રદેશ પદાધિકારીઓ સાથેની આ બેઠકોમાં રાષ્ટ્રીય અધ્યક્ષ માર્ગદર્શન પૂરું પાડશે.


રિપોર્ટ : જગદીશ ભીલ

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત ગુજરાત પધાર્યા છે. અમદાવાદ એરપોર્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ અને હર્ષ સંઘવી સહિતના નેતાઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.**

# હિંમતનગરમાં ૧૬ લાખના ખર્ચે એન્જિનિયરિંગ સર્કલ ફાઉન્ટેન ફરી શરૂ થશે

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર નગરપાલિકાએ શહેરી વિકાસ અને નાગરિકોની સુવિધાના હેતુથી અનેક પડતર પ્રશ્નોના નિરાકરણ માટે કમર કસી છે. રાજ્ય સરકાર દ્વારા વિકાસ કામો માટે ફાળવવામાં આવતા બજેટનો સદુપયોગ કરીને પાલિકા શહેરના વિવિધ વિસ્તારોમાં નવીનીકરણની કામગીરી કરી રહી છે. આ કડીમાં, શહેરના અતિ વ્યસ્ત એવા મહાવીરનગર વિસ્તારમાં આવેલા એન્જિનિયરિંગ સર્કલના ફાઉન્ટેનને ફરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ સર્કલ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં હતું, જેના કારણે તેની સુંદરતા ઝાંખી પડી ગઈ હતી. હવે નગરપાલિકાએ ₹16 લાખની માતબર ગ્રાન્ટ ફાળવીને આ ફાઉન્ટેનને પુનઃજીવિત કરવાનું આયોજન કર્યું છે. અગાઉ શહેરના ટાવર ચોકમાં આવેલું જૂનું ફાઉન્ટેન પણ લાંબા સમયથી બંધ છે, ત્યારે એન્જિનિયરિંગ સર્કલને ફરી ધમધમતું કરી શહેરના સૌંદર્યમાં ચાર ચાંદ લગાવવાનો પ્રયાસ કરવામાં આવશે. પાલિકા પ્રશાસને જણાવ્યું છે કે આ કામગીરી માટેના ટેન્ડર અને પ્લાનિંગની પ્રક્રિયાઓ ગતિમાં છે. આગામી સમયમાં આ સર્કલ પર આધુનિક લાઈટિંગ અને પાણીના ફુવારાઓ શહેરની રોનક વધારશે. શહેરી વિકાસની ગ્રાન્ટમાંથી આ ખર્ચ કરવામાં આવનાર હોવાથી અન્ય વિકાસ કામોને પણ સમાંતર વેગ આપવામાં આવશે.


રિપોર્ટ : જનક જાદવ

**હિંમતનગર નગરપાલિકા દ્વારા શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલા એન્જિનિયરિંગ સર્કલના બંધ ફાઉન્ટેનને ₹16 લાખના ખર્ચે ફરી શરૂ કરવામાં આવશે. શહેરી વિકાસની ગ્રાન્ટમાંથી આ રકમ મંજૂર કરવામાં આવી છે અને ટૂંક સમયમાં કામગીરી પૂરજોશમાં શરૂ થશે.**

# બનાસકાંઠામાં બોર્ડની પરીક્ષાઓને લઈ જિલ્લા મેજિસ્ટ્રેટનું કડક જાહેરનામું

## બનાસકાંઠા બોર્ડ પરીક્ષા 2026: પરીક્ષા કેન્દ્રો પર પ્રતિબંધો જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લામાં આગામી બોર્ડની પરીક્ષાઓના સુચારુ સંચાલન માટે જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલે વ્યાપક પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી SSC અને HSCની પરીક્ષાઓ 26 ફેબ્રુઆરીથી 18 માર્ચ દરમિયાન યોજાનાર છે, જેમાં હજારો વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ ન થાય અને શાંતિ જળવાય તે માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-2023ની કલમ-163 હેઠળ પરીક્ષા કેન્દ્રોની આસપાસ 100 મીટરની ત્રિજ્યામાં પ્રતિબંધો લાદવામાં આવ્યા છે. આ આદેશ મુજબ, નિર્ધારિત હદમાં કોઈ પણ બિન-અધિકૃત વ્યક્તિની અવરજવર પર રોક રહેશે. પરીક્ષાના કલાકો દરમિયાન આસપાસની તમામ ઝેરોક્ષ મશીન ધરાવતી દુકાનો બંધ રાખવી ફરજિયાત છે, જેથી નકલના સાહિત્યના ફેલાવાને રોકી શકાય. વધુમાં, વિદ્યાર્થીઓનું ધ્યાન ભંગ ન થાય તે માટે લાઉડસ્પીકરના ઉપયોગ અને અવાજ પ્રદૂષણ ફેલાવતી પ્રવૃત્તિઓ પર કડક મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, વોકી-ટોકી કે અન્ય કોઈ પણ ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ લઈ જવું એ ગુનો ગણાશે. નકલ માટે જવાબદાર કોઈ પણ સાહિત્ય કે કાપલી રાખનાર સામે કડક કાર્યવાહી કરાશે. જિલ્લા મેજિસ્ટ્રેટે સ્પષ્ટ કર્યું છે કે આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ-223 હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી સજા કરવામાં આવશે. પરીક્ષા કેન્દ્રના સ્ટાફ અને પોલીસ અધિકારીઓને સતર્ક રહીને આ નિયમોનું પાલન કરાવવા સૂચના અપાઈ છે. વિદ્યાર્થીઓ નિર્ભયતાથી અને શાંત ચિત્તે પોતાની પરીક્ષા આપી શકે તે માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. આ આદેશ પરીક્ષાના તમામ દિવસો દરમિયાન અમલી રહેશે.




**બનાસકાંઠા જિલ્લામાં SSC અને HSCની બોર્ડ પરીક્ષાઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ મિહિર પટેલે કડક વલણ અપનાવ્યું છે. 26 ફેબ્રુઆરીથી 18 માર્ચ દરમિયાન પરીક્ષા કેન્દ્રોની 100 મીટરની હદમાં બિન-અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર રોક લગાવાઈ છે. આ સમયગાળા દરમિયાન કેન્દ્રોની આસપાસની ઝેરોક્ષની દુકાનો બંધ રહેશે. પરીક્ષામાં નકલ રોકવા માટે મોબાઈલ, સ્માર્ટ વોચ અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ પર પ્રતિબંધ છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.**

# GSC બેંક અમદાવાદ ખાતે ભાજપની મહત્વની બેઠક: નીતિન નવીન રહ્યા હાજર

**દૈનિક પલ્સ સમાચાર:** અમદાવાદના નારણપુરામાં આવેલી GSC બેંક ખાતે ભારતીય જનતા પાર્ટીની એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રાજ્યના રાજકીય નેતૃત્વની મોટી હાજરી જોવા મળી હતી. આ બેઠક શ્રી નીતિન નવીનની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ હાઈલેવલ બેઠકમાં રાજ્યના મંત્રીમંડળના સભ્યો, લોકસભા અને રાજ્યસભાના સાંસદો તેમજ ગુજરાતના તમામ ધારાસભ્યો હાજર રહ્યા હતા. નડીઆદના ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ પણ આ બેઠકમાં હાજરી આપી હતી. બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય સંગઠનને વધુ વેગ આપવો અને આગામી સમયના રાજકીય એજન્ડા વિશે ચર્ચા કરવાનો હતો. મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ દ્વારા તમામ જનપ્રતિનિધિઓને પ્રજાના પડતર પ્રશ્નોના નિકાલ અને વિકાસકામોને ઝડપથી પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત, રાષ્ટ્રીય સ્તરના નેતૃત્વ દ્વારા ગુજરાતમાં ચાલી રહેલા વિવિધ અભિયાનોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં ઉપસ્થિત તમામ સાંસદો અને ધારાસભ્યોએ સંગઠનાત્મક માળખાને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ બેઠક આગામી સમયની રાજકીય રણનીતિ માટે અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક

**અમદાવાદની GSC બેંક ખાતે ભાજપના રાષ્ટ્રીય હોદ્દેદાર નીતિન નવીન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલની ઉપસ્થિતિમાં મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્ય પંકજભાઈ દેસાઈ સહિત રાજ્યના મંત્રીઓ, સાંસદો અને ધારાસભ્યો હાજર રહ્યા હતા.**




# ગુજરાત લગ્ન નોંધણી કાયદામાં ફેરફાર: માતા-પિતાની સહી પર ધ્યાન

ગુજરાત સરકાર સામાજિક માળખાને વધુ મજબૂત બનાવવા 'ગુજરાત લગ્ન નોંધણી અધિનિયમ-2006' માં વ્યાપક ફેરફારો કરવાની તૈયારી કરી રહી છે. ગૃહ રાજ્યમંત્રીએ વિધાનસભામાં આ ઐતિહાસિક નિર્ણયની જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ખાસ કરીને પ્રેમલગ્નના કિસ્સામાં થતી છેતરપિંડી અટકાવવી અનિવાર્ય છે. પાટીદાર અને ક્ષત્રિય-ઠાકોર સમાજ સહિત અનેક સંગઠનો લાંબા સમયથી માંગ કરી રહ્યા હતા કે લગ્ન સમયે માતા-પિતાની સહી ફરજિયાત હોવી જોઈએ. સરકાર હવે એ દિશામાં આગળ વધી રહી છે કે લગ્નની નોંધણી જે તે સ્થાનિક વિસ્તારમાં જ થાય અને તેમાં પારદર્શિતા જળવાય. આ હેતુ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જાહેરનામું બહાર પાડીને આગામી 30 દિવસમાં જનતા પાસેથી પ્રતિભાવો મંગાવવામાં આવ્યા છે. આ સુધારાને વિપક્ષી નેતાઓ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ પણ આવકાર્યો છે, અને તેને સામાજિક પીડાનો અંત લાવનારો નિર્ણય ગણાવ્યો છે. જનતાના સૂચનો બાદ સરકાર આ સુધારાને કાયદાકીય સ્વરૂપ આપશે.


રિપોર્ટ : હસમુખભાઈ નાયક

# ડીસા-થરાદ હાઈવે પર મોતની સ્પીડ: કારની ટક્કરે બાઈકચાલકનું મોત

**દૈનિક પલ્સ સમાચાર:** ડીસા-થરાદ હાઈવે પર સ્પીડનો રાક્ષસ ફરી એક નિર્દોષનો જીવ ભરખી ગયો છે. રામપુરા પાટિયા પાસે બનેલી આ ઘટનામાં ટ્રાફિકના નિયમો અને ડ્રાઈવિંગની શિસ્તના લીરેલીરા ઉડ્યા છે. વાયરલ થયેલા સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે એક કારચાલક જાણે મોતની રેસમાં ઉતર્યો હોય તેમ પૂરપાટ ઝડપે બાઈકને અડફેટે લે છે. મૃતક ભમરાજી દાંનાજી (43), રહે. લક્ષ્મીપુરા, પોતાના કામ અર્થે જઈ રહ્યા હતા ત્યારે કાળ બનીને આવેલી કારે તેમને હવામાં ઉછાળીને જમીન પર ફેંક્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે જોનારના કાળજા કંપી ગયા હતા. ભીલડી પોલીસ સ્ટેશનના પીઆઈ ધવલ પટેલે પુષ્ટિ કરી છે કે આરોપી કારચાલકને પકડી પાડવામાં આવ્યો છે અને તેના પર આકરી કલમો હેઠળ કાર્યવાહી ચાલી રહી છે. હાઈવે પર સતત વધી રહેલા આવા અકસ્માતો તંત્ર અને ચાલકો બંનેની નિષ્ફળતા દર્શાવે છે. સ્પીડ લિમિટના બોર્ડ માત્ર શોભાના ગાંઠિયા બનીને રહી ગયા છે, જેના કારણે ભમરાજી જેવા અનેક નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવવો પડે છે. શું પોલીસની કાર્યવાહી માત્ર એફઆઈઆર પુરતી સીમિત રહેશે કે પછી હાઈવે પર દોડતા આ યમદૂતો સામે કોઈ કાયમી ઠોસ પગલાં લેવામાં આવશે?

## આણંદમાં ૧૦ હજારની લાંચ લેતા રેવન્યુ તલાટી ઝડપાયા

આણંદના ગ્રામ્ય મામલતદાર કચેરીના રેવન્યુ તલાટી ગૌરવ રાજેશકુમાર રાજપુત લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. ફરિયાદીના પિતા અને કૌટુંબિક સભ્યોની બાકરોલ સ્થિત વડીલોપાર્જિત જમીનમાં વારસાઈની નોંધ નામંજૂર થઈ હતી. આ નોંધની અપીલની કામગીરી કરી આપવાના બદલામાં તલાટીએ કુલ ₹1.20 લાખની માંગણી કરી હતી. ફરિયાદી પાસેથી અગાઉ ₹30,000 ગૂગલ પે દ્વારા લઈ લેવામાં આવ્યા હતા. બાકીના નાણાં પૈકી ₹10,000ની વધુ માંગણી કરવામાં આવતા ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબી પી.આઈ. એમ.એલ. રાજપુતની ટીમે જિલ્લા સેવાસદન કચેરી બહાર છટકું ગોઠવ્યું હતું. તલાટીએ લાંચની રકમ સ્વીકારવા માટે ખાનગી વ્યક્તિ બદરૂદીન મલેકને મોકલ્યો હતો. સેવાસદન બહાર આવેલી એક ચાની લારી પાસે વચેટિયાએ ₹10,000 સ્વીકારતા જ એસીબીએ તેને દબોચી લીધો હતો. બંને આરોપીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**રિપોર્ટ : હસમુખભાઈ નાયક**

# ખેડબ્રહ્મા અંબિકા મંદિરમાં આરતી અને દર્શનના સમયમાં ફેરફાર

**દૈનિક પલ્સ સમાચાર:** હિન્દુ શાસ્ત્રોમાં હોળાષ્ટક અને ગ્રહણના સમયગાળાનું વિશેષ મહત્વ રહેલું છે. આગામી હોળીના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે હોળાષ્ટક બેસતા જ શુભ કાર્યો પર વિરામ લાગ્યો છે. આ ધાર્મિક પરંપરા અને આગામી ચંદ્રગ્રહણને ધ્યાનમાં રાખીને ખેડબ્રહ્માના ઐતિહાસિક અંબિકા માતાજી મંદિરમાં દર્શન વ્યવસ્થામાં ફેરફાર કરાયા છે. માતાજીનું પ્રાગટ્ય સ્થાન ગણાતા આ મંદિરમાં દરરોજ હજારો ભક્તો દર્શનાર્થે આવે છે. મંદિર ટ્રસ્ટ તરફથી મળતી માહિતી મુજબ, ગ્રહણના વેધ અને ધાર્મિક શુદ્ધિકરણની પ્રક્રિયાઓને કારણે આરતીના નિયત સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હોળી પ્રગટ્યા બાદ જ તમામ શુભ કાર્યો અને રાબેતા મુજબની વ્યવસ્થા શરૂ થશે. શ્રદ્ધાળુઓને વિનંતી કરવામાં આવી છે કે તેઓ નવા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ જ મંદિરની મુલાકાત લે જેથી ગ્રહણકાળ દરમિયાન કોઈ મુશ્કેલી ન સર્જાય.


રિપોર્ટ : જનક જાદવ

# ગેરકાયદે પશુ કતલ બદલ સેવલિયાના શખ્સની પાસા હેઠળ અટકાયત

**દૈનિક પલ્સ સમાચાર:** સેવલિયા પોલીસ સ્ટેશને પશુઓની ગેરકાયદે કતલ અને હેરફેરમાં સંડોવાયેલા રીઢા ગુનેગારની અટકાયત કરવાની સફળ કામગીરી કરી છે. સેવલિયાના પાલી રોડ પર રહેતા મોહસીન મહમ્મદહનીફ કુરેશીની 19 ફેબ્રુઆરીએ પાસા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ગલતેશ્વર તાલુકાની સામાજિક અને પર્યાવરણીય શાંતિને જોખમમાં મૂકતી પ્રવૃત્તિઓ ડામવા માટે આ મહત્વનું કાયદાકીય પગલું લેવાયું છે. પોલીસ રેકોર્ડ મુજબ, કુરેશી રીઢો ગુનેગાર છે, જેની સામે 2023 અને 2025 માં ગુના નોંધાયા હતા. તેના પર ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની કલમ 5(1) અને 8(2) તેમજ પશુઓ પ્રત્યે ક્રૂરતા નિવારણ અધિનિયમની કલમ 11(1)(L) હેઠળ આરોપો છે. વધુમાં, પશુઓને ઈજા પહોંચાડવા બદલ તેની સામે IPC કલમ 429 હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી. આ ગુનાઓની ગંભીરતા અને પુનરાવર્તિત પ્રકૃતિને જોતા, ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ઔપચારિક અટકાયત વોરંટ બહાર પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશન પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર. ઝાલા અને તેમની ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. આરોપીને ભાવનગર જેલમાં મોકલીને સત્તાધીશોએ પશુઓના ગેરકાયદે વેપારમાં સંડોવાયેલા તત્વોને કડક સંદેશ આપ્યો છે કે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાનું ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં.



રિપોર્ટ : પ્રકાશ વાઘેલા

**ખેડાની સેવલિયા પોલીસે પશુ કતલની પ્રવૃત્તિઓમાં વારંવાર સંડોવાયેલા મોહસીન કુરેશીની પાસા (PASA) હેઠળ અટકાયત કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટના વોરંટના આધારે, આરોપીની 19 ફેબ્રુઆરીએ ધરપકડ કરી તેને ભાવનગર જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવ્યો છે.**